તેજી હોય કે પછી મંદી,
બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક
પ્રવાહો તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને
તાદશ્ય રજૂ કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી
સલાહ સાથે અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક
ધી ઇકોનોમિક રેવલ્યૂશન
ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ
વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.com
www.theeconomicrevolution.in
email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi



Nirmal Metro Daily, Ahmedabad (Gujarat)

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

Reg. under RNI NO. GUJGUJ/2012/48123

નિર્મલ મેટ્રો, લગભગ એક કરોડ ઈ મેઈલમાં મોકલવામાં આવે છે

# નિર્મલ મેટ્રો

NIRMAL METRO

દૈનિક

તંત્રી : નરેન્દ્ર જોષી
email : nirmalmetro@yahoo.com

● વર્ષ : ૧ ● અંક : ૧૫૧ ● તા.૨૨.૦૬.૨૦૧૩, શનિવાર ● જયેષ્ઠ સુદ ૧૪ ● સં. ૨૦૬૯ ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●


# ઉત્તરાખંડમાં ભૂખ અને તરસથી ૨૫ યાત્રાળુઓના મોત

## ઉત્તરાખંડમાં હિમાલયન સુનામી આવ્યા બાદ માટી અને કાટમાળ નીચે હજુ અસંખ્ય લાશ હોવાની ભીતી : કેદારઘાટીમાં ફસાયેલા ફસાયેલા હજારો લોકો ગાયબ

**દહેરાદુન, તા. ૨૧**

ઉત્તરાખંડમાં રૂદ્રપ્રયાગ નજીકના કેદારનાથ અને આસપાસ વિસ્તારોમાં સુનામી આવ્યા બાદ હવે ઠંડી, ભૂખ અને તરસથી લોકોના મોત થવાના શરૂ થયા છે. કેદારનાથના જંગલમાં ફસાયેલા ૨૫ યાત્રાળુઓના ભૂખ અને તરસથી મોત થયા હોવાનું બહાર આવતાં ખળભળાટ મચી ગયો છે. આ તમામ લોકોને બચાવવા માટે નેશનલ ડિઝાસ્ટર રિલિફ ફોર્સ જંગલમાં ગઈ હતી પરંતુ તેમને બચાવવાની કામગીરી દરમિયાન જ તેઓ મોતને ભેટ્યા હતાં. ઉત્તરાખંડમાં હિમાલયન સુનામી આવ્યા બાદ માટી અને કાટમાળ નીચે હજુ અસંખ્ય લાશ હોવાની ભીતી સેવવામાં આવી રહી છે. રાહત-બચાવ કાર્ય પૂરજોશમાં શરૂ થઈ ગયું છે અને જેમ જેમ આગળ વધતું જાય છે તેમ તેમ કુદરતી કોપની ભયાનકતા નજર સામે આવી રહી છે.ભૂખ અને તરસથી યાત્રાળુઓના મૃત્યુ થઈ રહ્યા હોવા અંગે એનડીઆરએફના જવાનોએ આ ઘટનાની માહિતી સરકાર સુધી પહોંચાડી છે. બીજી બાજુ રાહત કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. અને હજુ હજારો લોકો જુદાજુદા વિસ્તારોમાં ફસાયેલા છે અને બચાવ ટુકડીની રાહત જોઈ રહ્યા છે.

સરકાર દ્વારા ગુપ્તકાશીમાં એક રાહત કેમ્પ તાત્કાલિક શરૂ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર કેટલાક અધિકારીઓ દ્વારા હવાઈ નિરીક્ષણ કરવામાં આવતાં સમગ્ર વિસ્તારમાં માત્ર મૃતદેહો જ જોવા મળ્યા હતા. એકલા કેદારનાથ મંદિરના પ્રાંગણમાં જ ૨૫ થી ૩૦ મૃતદેહો જોવા મળ્યા હતા.

છેલ્લા પાંચ પાંચ દિવસથી જંગલ અને અન્ય સ્થાનોમાં ફસાયેલા લોકોની હાલત હવે ખરાબ થઈ રહી છે.પહેલા આ યાત્રાળુઓ ઉપર કુદરતી કોપ ઉતર્યો હતો અને તેમાં જીવ બચી જતાં હવે તેઓ ભોજન અને પાણી નહીં મળવાને કારણે મોતને શરણ થઈ રહ્યા છે. સોનપ્રયાગથી કેદારનાથ સુધીના જંગલોમાં અનેક લોકો ફસાયેલા છે.સૌથી વધુ લોકો જંગલપટ્ટી, રામબાડા, ગડચટ્ટી અને ધીનુરપાણી જેવા વિસ્તારોમાં ફસાયેલા છે. અહીં ફસાયેલા લોકોને ભોજન, પાણી અને દવા પહોચી નથી. પાંચ-પાંચ છ-છ દિવસથી વરસાદ અને કીચડવાળા કપડા આ યાત્રીઓએ પહેરેલા છે અને તેની હાલત નાજુક થઈ ગઈ છે. ગડતપટ્ટીમાં આવેલી હનુમાન ગુફામાં ૧૧ અને અગસ્ત્યમુનિ રેનબસેરામાં ૩૫ લોકો પાંચ દિવસથી જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. નીચે ઉતરવા માટેનો રસ્તો સંપૂર્ણપણે સાફ થઈ ગયો હોવાથી તેઓ આગળ જઈ શકે તેમ નથી. ખાસ કરીને વૃદ્ધો અને બાળકોની હાલત વધુ ખરાબ થઈ ગઈ છે.

દરમિયાન રાહત બચાવ કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું હોવા છતાં હજુ ૨૫થી ૩૦ હજાર લોકો ફસાયેલા હોવાનું સરકારી સૂત્રો જણાવી રહ્યા છે. જો કે કેદારઘાટીમાં ફસાયેલા ફસાયેલા હજારો લોકો ગાયબ હોવાનું પણ જાણવા મળ્યું છે. મંગળવારથી શરૂ થયેલા રાહત બચાવ કાર્યમાં અત્યાર સુધીમાં ૧૦ હજાર લોકોને બચાવી લેવાયા છે પરંતુ બાકીના હજારો લોકો ક્યાં ગયા તેનો કોઈ જવાબ સરકાર કે અન્ય એજન્સી પાસે નથી.

એક જાણકારે એવું કહ્યું કે ગૌરીકુંડથી કેદારધામ સુધીના ૧૪ કેલોમીટરના રસ્તા ઉપર ૪૭૦૦ ખચ્ચર ચાલે છે અનેજે દિવસે સુનામી આવી તે દિવસે આ તમામ ખચ્ચરો બુક થયેલા હતાં. આ ખચ્ચર ઉપર બેસેલા પ્રવાસીઓ ક્યાં ગયા તેની કોઈ પાસે માહિતી નથી.

# ચારધામ યાત્રા વિસ્તાર માટે ભારે વરસાદની આગાહી કરતી સીસ્ટમ વિકસાવાશે

## હવામાન વિભાગ અને વોટર કમિશનને ૧૦ દિવસમાં આ મુદ્દે પ્રસ્તાવ રજુ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો

**દહેરાદુન, તા. ૨૧**

ઉત્તરાખંડમાં ભારે વરસાદે હાહાકાર મચાવ્યો છે જેમાં અસંખ્ય લોકો મોતને ભેટ્યા છે અને હજારો ફસાયા છે ત્યારે ભારે વરસાદની ચેતાવણી અગાઉથી મળે તેવી સિસ્ટમ હોવી જોઈએ તે મુદ્દો ફરી એકવાર ચર્ચાનો વિષય બની રહ્યો છે અને સરકાર આ દિશામાં ગંભીર રીતે વિચારી રહી છે આજે કેન્દ્રીય ગૃહમંત્રી સુશીલકુમાર શિંદેએ સંબંધિત અધિકારીઓ સાથે એક બેઠક પણ યોજી છે.

આ સંદર્ભે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ ભારત હવામાન વિભાગ અને સેન્ટ્રલ વોટર કમિશનના અધિકારીઓને ચર્ચા કરવા બોલાવ્યા હતાં અને આવી સ્થિતિનું બહેતર સંચાલન કરવાના ઉપાય વિચારવામાં આવ્યા હતાં.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ હવામાન વિભાગને બદ્રિનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રીની ચારધામ યાત્રા સંદર્ભે હવામાન અંગેની ખાસ આગાહી કરવાની શક્યતા વિચારવા ખાસ જણાવયું હતું. અહિં દર વર્ષે લાખો યાત્રાળુઓ આવતાં હોય છે ત્યારે વિશ્વ કક્ષાની આગાહી પ્રણાલી ગોઠવવાની ખાસ જરૂર વ્યક્ત કરવામાં આવી હતી. હવામાન વિભાગ અને વોટર કમિશનને ૧૦ દિવસમાં આ મુદ્દે પ્રસ્તાવ રજુ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આજે પણ ગૃહમંત્રીએ ડિઝાસ્ટર મેનેજમેન્ટની ખાસ બેઠક બોલાવી છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના વાઈસ ચેરમેન એમ.શ્રીધર રેડ્ડીએ જણાવ્યું હતું કે અમારી પાસે વરસાદની આગાહી કરવાની સીસ્ટમ છે પરંતુ તે ચોક્કસ નથી. આ ખામી દુર કરવા ડોપ્લર રડાર સીસ્ટમ લગાવી શકાય છે જે ચોક્કસ માહિતી આપી શકે તેવી છે.

વૈજ્ઞાનિકોના જણાવ્યા પ્રમાણે ઉત્તરાખંડનો વરસાદ હંમેસા આકસ્મિક અને મોટા પ્રમાણમાં હોય છે જેનો અંદાજ લગાવવો મુશ્કેલ હોય છે તેમણે કહ્યું હતું કે વાવાઝોડા, ચક્રવાત વિગેરેની અગાઉથી ચેતવણી આપતું તંત્ર છે પરંતુ કમનસીબે ભારે વરસાદની ચેતવણી મળે તેવી કોઈ વ્યવસ્થા નથી.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ ખાસ કરીને ચારધામ યાત્રા વિસ્તારોમાં વધુ ડોપ્લર રડાર ઉભા કરવા પર ભાર મુકે છે. આ રડાર કેટલી માત્રામાં વરસાદ પડશે તેની લગભગ ચોક્કસ માહિતી આપી શકે તેમ છે.

હાલ પેદા થયેલા પરિસ્થિતિના સંદર્ભમાં ઉપાયો વિચારવા ગૃહ મંત્રાલય આજે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી સાથે એક ખાસ બેઠક ગોઠવી છે જેમાં પણ ચારધામ યાત્રા જેવા સંવેદનશીલ વિસ્તારોમાં ભારે વરસાદની ચોક્કસ આગાહી કરી શકવાની શક્યતાઓ તપાસવામાં આવશે.



અમદાવાદ, નારણપુરા ખાતે આવેલ મિરામ્બિકા સ્કૂલની વિદ્યાર્થિનિઓએ ઉત્તરાખંડ અને કેદારનાથમાં મેઘ તાંડવ પછી ઘટેલ ઘટનામાં મૃત્યુ પામેલા અને ગુમથયેલા યાત્રાળુઓને શ્રધ્ધાંજલી અર્પેલ હતી.

# ઉત્તરાખંડમાં મેઘ તાંડવ બાદ સ્થિતિ ધીરેધીરે સુધારા પર : યુદ્ધનાં ધોરણે બચાવકાર્ય

## પૂરમાં શ્રદ્ધાળુઓતી ભરચક ૯૦ ધર્મશાળા સંપૂર્ણ નાશ પામી

**દહેરાદુન, તા. ૨૧**

ઉત્તરાખંડના મેધતાંડવ બાદ પરિસ્થિતિ ધીમે ધીમે સુધારવાના પ્રયાસો યુદ્ધના ધોરણે ચાલી રહ્યા છે. હજારો લોકોને બચાવી લેવામાં સફળતા મળી છે પરંતુ હજુ પણ મોટી સંખ્યામાં લોકો લાપત્તા હોવાથી તંત્રની ચિંતા અકબંધ રહી છે. ઉત્તરાખંડમાં હાલત ખૂબ જ કફોડી બનેલી છે. ૧૩૦૦૦થી વધુ લોકો હજુ પઁણ લાપત્તા છે જ્યારે ૫૦ હજારથી વધુ લોકો હજુ પણ અટવાયેલા છે. બીજી બાજુ ૩૩૧૯૨ લોકોને બચાવી લેવામાં સફળતા મળી છે. કેદારનાથમાંથી તમામ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. હવે ગૌરીકૂંડ અને રામબાડામાં બચાવ કામગીરી ઉપર ધ્યાન કેન્દ્રીત કરાયું છે. આ સાંકડી ખીણમાં ૫૦૦૦ લોકો ફસાયા હોવાનું જાણવા મળી રહ્યું છે. ગૃહમંત્રાલયના આંકડા જણાવે છે કે ૫૦૪૨૨ લોકો હજુ અટવાયેલા છે અને ૧૩૦૦૦ લોકો લાપત્તા છે. બચાવ અને રાહત કામગીરી મોટા પ્રમાણમાં તીવ્ર બનાવવામાં આવી છે. ધણી બધી સંસ્થાઓ સૌથી વધુ અસર પામેલા કેદારનાથ અને અન્ય વિસ્તારોમાં બચાવ કામગીરીમાં જોડાયેલી છે. મોતનો આંકડો ખૂબ ઊંચો જોઈ શકાય છે. ૫૦ હજાર લોકો હજુ પણ ઉત્તરાખંડના જુદા જુદા ભાગોમાં અટવાયેલા છે. ઉત્તરાખંડના ઊંચાણવાળા વિસ્તારોમાં વાદળ ફાટવાની ઘટના, ભારે વરસાદ અને પૂરના કારણે જળપ્રલયની સ્થિતિ સર્જાઈ હતી. સૈંકડો લોકોના મોત થઈ ચૂક્યા છે. સૈંકડો મકાનો ધરાશાયી થઈ ચૂક્યા છે. હજારો લોકો હજુ પણ લાપત્તા હોવાનું જણવા મળી રહ્યું છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી વિજય બહુગુણા કબૂલી ચૂક્યા છે કે સત્તાવાર રીતે મોતનો આંકડો ૧૫૦ છે પરંતુ ખુવારીનો આંકડો ખૂબ મોટો હોવાની દહેશત ચોક્કસપણે છે.

વાસ્તવિક આંકડો પાણી ઉતરી ગયા બાદ જ જણી શકશે. રાજય સરકારના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરે આજે સવારે કહ્યું હતું કે ખુવારી હજારોમાં હોઈ શકે છે. કારણ કે પૂરમાં શ્રદ્ધાળુઓતી ભરચક ૯૦ ધર્મશાળા સંપૂર્ણ નાશ પામી છે. કોમ્યુનિકેશન અને અન્ય સુવિધાના અભાવના પરિણામ સ્વરૂપે રાજયની બહારથી આવેલા શ્રદ્ધાળુઓ તેમના સગાસંબંધીઓને શોધવામાં મુશ્કેલી નડી છે. હેલિકોપ્ટરો, સેના, એરફોર્સ, એનડીઆરએફ, ઉત્તરાખંડ સરકારની સ્થાનિક ટીમોની મદદથી બચાવ કામગીરી ચાલી રહી છે. ઉત્તરાખંડમાં રાહત કામગીરીમાં મોટી સંખ્યામાં સ્થાનિક લોકો પણ જોડાઈ ગયા છે.

# ઉત્તરાખંડમાં શ્રદ્ધાળુ મહિલાઓ પર રેપની વાત તદ્દન પોકળ : અફવાઓની ભરમાર

## લૂંટપાટ અને રેપની અફવા પછી અવ્યવસ્થાની સ્થિતિ સર્જાઈ : સ્થાનીક સરકારની મુશ્કેલીઓમાં વધારો

**દહેરાદુન, તા. ૨૧**



ઉત્તરાખંડમાં આવેલ ભયાનક પુર બાદ ત્યાની પરિસ્થિતિનો સાચો ચિતાર મળે તેવી કોઈ નક્કર વ્યવસ્થા નથી ત્યારે મીડિયામાં આ અંગે કેટલાક અહેવાલો ભડકાવનારા જાહેર કરાઈ રહ્યાં છે હાલમાં મીડિયામાં ઉત્તરાખંડમાં ફસાયેલા યાત્રિકોની નેપાળી બદમાશોએ લુંટ કરી હોવાની અને મહિલાઓ પર બળાત્કારની વાત ફેલાઈ હતી જો કે પોલીસે આ વાતનો તદ્દન ઈન્કાર કર્યો છે.

ઉત્તરાખંડમાં આવેલ તબાહીથી આખો દેશ હલી ગયો છે. હજારો લોકોના જીવ જવાની આશંકાઓ બતાવાય રહી છે. તો બીજી બાજુ હજુ પણ કેટલાક લોકો મોત વચ્ચે ઝૂલી રહ્યા છે. જે વ્યક્તિ આ વિપદાથી બચી ગયુ તે ખુદને ખુશનસીબ સમજી રહ્યુ છે. બીજી બાજુ જે લોકોએ પોતાના સગાઓને ગુમાવ્યા છે તેમના આંખોમાં દુઃખનો દરિયો વહી રહ્યો છે. બીજી બાજુ કેટલીક અફવાઓએ સ્થાનીક સરકારની મુશ્કેલીઓ વધારી દીધી છે. આ અફવાઓને કારણે અહી અવ્યવસ્થાની સ્થિતિ પણ ઉભી થઈ છે. વાત એમ છે કે મીડિયા દ્વારા એવા સમાચાર આવી રહ્યા છે કે નેપાળી બદમાશોએ શ્રદ્ધાળુઓ પર હુમલો કરી તેમની સાથે લૂંટપાટ કરી, સાથે જ સ્ત્રીઓની આબરૂ લૂંટી.ઉખીમઠ પોલીસના મુજબ તેના પાંચ નેપાળી મજૂરોની ધરપકડ કરવામાં આવી છે અને તેમની પાસેથી સાઢા ત્રણ લાખ રૂપિયા પણ જપ્ત કર્યા છે. પોલીસના મુજબ પૂછપરછમાં મજૂરોએ જણાવ્યુ કે તેમણે આ રકમ પાણીમાં વહીને આવેલ એક એટીએમમાંથી કાઢી છે. ઉખીમઠ રુદ્રપ્રયાગ જિલ્લામાં કેદારનાથ માર્ગ પર ગૌરીકુંડ પહેલા આવે છે. પોલીસે લૂંટપાટ અને રેપની ઘટનાઓનો ઈંકાર કર્યો છે. જો કે તેમણે કહ્યુ કે એક બે સ્ત્રીઓએ ફરિયાદ કરી કે તેમના રૂપિયા અને ઘરેણાં લૂંટવાનો પ્રયત્ન કરવામાં આવ્યો, પણ આ સ્પષ્ટ નથી કે સંબંધિત બદમાશ નેપાળી હતો કે પછી કોઈ સ્થાનિક અપરાધી.

લૂંટપાટ અને રેપની અફવા પછી અવ્યવસ્થાની સ્થિતિ ઉભી થઈ છે. કારણ કે પોલીસે હવે બધા નેપાળીઓની કડકાઈથી પૂછપરછ શરૂ કરી દીધી છે. ગામડાંના લોકોએ પણ નેપાળીઓને રોકવા શરૂ કરી દીધા છે. પોલીસે અપીલ કરી કે લોકો આ પ્રકારની અફવાઓ પર ધ્યાન ન આપે. જો આ પ્રકારની કોઈ ઘટના બને તો તરત પોલીસને સૂચના આપે.

# ગુગલ પૂરમાં ફસાયેલા લોકોને શોધવામાં મદદ કરશે

## ગૂગલે સ્પેશ્યલ પ્રોગ્રામ તૈયાર કર્યો : ગૂગલની ક્રાઈસિસ ટીમ ગૂગલ પર્સન ફાઈન્ડરનું ટૂલ લાવી

**નવીદિલ્હી, તા. ૨૧**

હવે ઉત્તરાખંડમાં કુદરતી હોનારતમાં ફસાયેલા લોકોને જેઓના સ્વજનો નથી શોધી શક્યા તેમને શોધવામાં સરકારની મદદ ઉપરાંત ગૂગલની મદદ પણ મળી રહેશે. આ માટે ગૂગલે સ્પેશ્યલ પ્રોગ્રામ તૈયાર કર્યો છે. વિશ્વમાં સૌથી લોકપ્રિય સર્ચ એન્જિન ગૂગલે ગૂગલ પર્સન ફાઈન્ડરની વેબ એપ્લિકેશન દ્વારા પૂરમાં ફસાયેલા લોકોને શોધી કાઢવાનો માર્ગ લોકોને માટે ઉપલબ્ધ કરાવ્યો છે. સર્ચ એન્જિન ગૂગલે ગૂગલ પર્સન ફાઈન્ડરની વેબ એપ્લિકેશન દ્વારા પૂરમાં ફસાયેલા લોકોને શોધી કાઢવાનો માર્ગ લોકોને માટે ઉપલબ્ધ કરાવ્યો છે.

ઉત્તરાખંડનાં પહાડી વિસ્તારમાં અનેક જગ્યાઓ એવી છે જ્યાં સંપર્ક સાધવો શક્ય નથી. કારણ કે પર્વતીય વિસ્તારમાં મોબાઈલ ટાવર કે ઈન્ટરનેટની સુવિધા સરળતાથી ઉપલબ્ધ નથી. ગૂગલની ક્રાઈસિસ ટીમ ગૂગલ પર્સન ફાઈન્ડરનું ટૂલ લાવી છે. આ ટૂલની મદદથી પૂર અસરગ્રસ્ત ઉત્તરાખંડમાં ગુમ થયેલા લોકોને શોધી શકાય છે. ટૂલનું આ વર્ઝન અંગ્રેજી અને હિન્દી ભાષામાં ઉપલબ્ધ છે. આ વર્ઝન વિશ્વની ૧૦ ભાષામાં તૈયાર કરવામાં આવ્યું છે. ગૂગલે તૈયાર કરેલી ગૂગલ પર્સન ફાઈન્ડર વેબ એપ્લિકેશન દ્વારા કોઈ પણ પૂર અસરગ્રસ્ત પોતાનાં સંબંધી, દોસ્ત વિશે સ્ટેટસ પોસ્ટ કરી શકે છે. ગૂગલ પર્સન ફાઈન્ડરમાં જે પણ ડેટા એન્ટર કરાશે તે જનતા માટે ઉપલબ્ધ થશે અને આને ક્યાંયથી પણ એક્સેસ કરી શકાય છે. આ ટૂલ પ્રેસ એજન્સી, એનજીઓ અને અન્ય લોકોનાં ડેટાબેસમાં જાણકારી નાંખવાની સુવિધા પણ ઉપલબ્ધ કરાવે છે. તાજેતરમાં કેદારનાથમાં પહેલા કુદરતે વિનાશ વેર્યો અને હવે ખરાબ હવામાનનાં કારણે રેસ્ક્યૂ ઓપરેશનમાં અનેક મુશ્કેલીઓ આવી રહી છે. આ માટે સરકારે કેટલીક જગ્યાએ હવામાન સ્વચ્છ થતા જ હેલિકોપ્ટર દ્વારા લોકોને સુરક્ષિત બહાર કાઢવાની પ્રક્રિયા હાથ ધરી છે. સરકારી આંકડા પ્રમાણે રાજ્યમાં મરનારાઓની સંખ્યા ૧૫૦ સુધી પહોંચી ગઈ છે. અને હજુ પણ વિસ્તારમાં ૬૨,૦૦૦ લોકો ફસાયેલા છે.

# ઉત્તરકાશીનો માર્ગ ખુલ્યો : હજુ હજારો લાપતા

**જુનાગઢ, તા. ૨૧**

ઉત્તરાખંડમાં ભારે તારાજીમાં ચારધામ પૈકી સૌથી વધુ તબાહી કેદારનાથમાં થઈ છે. બીજા નંબરે બદ્રીનાથ પ્રભાવિત થયું છે. નુકશાનને જોતાં કેદારનાથ અને બદ્રીનાથ યાત્રા ફરી શરૂ થતાં ત્રણ વર્ષ લાગે તેમ છે. વરસાદનો કેર અને પૂરને કારણે આ બંને ધામમાં મોટું નુકશાન થયું છે. અધિકારીઓએ જણાવ્યું કે આ પવિત્ર જગ્યા પર લોકોના મૃતદેહો અને કીચડ સિવાય કશું જ નથી. જે જોવું પણ ભયજનક થઈ ગયું છે. અહીં પ્રતિવર્ષ હજારો લોકો આવે છે, પરંતુ પૂરને કારણે આ વખતું બધું જ નાશ પામ્યું છે. મંદિર કમિટીના ચીફ એક્ઝીક્યુટીવ અધિકારીએ કહ્યું કે, કેદારનાથ અને બદ્રીનાથની યાત્રા શરૂ થવામાં ત્રણ વર્ષ લાગી શકે તેમ છે. ઉત્તર ભારતમાં કુદરતના કેરથી હજારો લોકો બેઘર થઈ ગયા છે. સેંકડો લોકો લાપતા થઈ ગયા છે. ચારધામ યાત્રાએ ગયેલા યાત્રાળુઓમાં અનેક યાત્રાળુઓ સંપર્ક વિહોણા બન્યા છે. ત્યારે તેમના પરિવાર જનોમાં ચિંતાના વાદળ ફાટયા છે. છેલ્લા પાંચ-છ દિવસથી કોઈ સંપર્ક ન થતાં લાપતા બનેલા યાત્રાળુઓના પરિવારજનો તેમની ભાળ મેળવવા પ્રયાસો કરી રહ્યા છે. પરંતુ તેમ છતાં કોઈ અણસાર નહીં દેખાતા આ પીડિતોમાં પણ દુઃખ વ્યાપી ગયું છે.

ઉત્તર ભારતમાં મેઘતાંડવ બાદ સ્થિતિ વિકટ બની દઈ છે. ત્યારે સમગ્ર ભારતમાંથી અસરગ્રસ્તો માટે રાહત સામગ્રી મોકલવામાં આવી રહી છે. વડોદરા ટુર્સ-ટ્રાવેલ એસોસિયેશન અને કલેકટર કચેરી દ્વારા વડોદરાથી ૬ લકસરી બસોમાં રાહત સામગ્રી રવાના કરવામાં આવી હતી. આ તમામ બસોમાં યાત્રીઓ માટે બિસ્કીટ, ચવાણું અને પાણીની બોટલો મોકલવામાં આવી છે. તેમજ ૨૦ જેટલા સેવાભાવી લોકો પણ સેવા કરવા મોકલવામાં આવ્યા છે.

# કેનેડામાં જળપ્રલય : એક લાખ લોકોને સલામત સ્થળે ખસેડવાની ફરજ પડી

## સ્ટેટ ઓફ ઈમરજન્સી જાહેર : જળપ્રલયમાં અનેક ગુજરાતી લોકો પણ ફસાયા

**જુનાગઢ, તા. ૨૧**



ભારતના ઉત્તરાખંડમાં જળપ્રલય બાદ કુદરતે કેનેડામાં પણ પોતાનો રંગ બતાવી દીધો છે. અતિભારે વરસાદ અને મહાપૂરના કારણે કેનેડામાં એક લાખનું સ્થળાંતર કરાવવાની તંત્રને ફરજ પડી છે. મોટી ક્રેન અને હેલિકોપ્ટર દ્વારા લોકોને પાણીમાંથી બચાવી લેવાયા હતા.

પશ્ચિમ કેનેડામાં કલગરી સિટીના અધિકારીઓના જણાવ્યા મુજબ, લાખોની સંખ્યામાં લોકોને પોતાના ઘર છોડવાની ફરજ પડી છે. તેમને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ટ્રાન્સ-કેનેડા હાઈ-વે સાવ બંધ થઈ ગયો છે.Banff અને Canmore જેવા શહેરો સાથે સાવ સંપર્ક કપાઈ ગયો છે.હાઈવુડ નદીમાં પાણીના વધુ પડતા પ્રવાહના કારણે પાણી આજુબજુના શહેરોમાં ઘુસી ગયા છે. સ્ટેટ ઓફ ઈમરજન્સી જાહેર કરી દેવામાં આવી છે.આ વિસ્તારમાં અનેક ગુજરાતીઓ પણ વસે છે. બિનસતાવાર રીતે મળતી માહિતી મુજબ, જળપ્રલયમાં અનેક ગુજરાતી લોકો પણ ફસાયા છે.દક્ષિણ અલબર્ટામાં ભારે વરસાદના કારણે રસ્તાઓ ધોવાઈ ગયા હતા અને પુલ પણ તુટી ગયા હતા.અનેક વાહનોને નુકશાન થયું છે. ઘરવખરી પાણી સાથે તણાઈને રસ્તાઓ પર ફરી વળી હતી.જે વિસ્તારમાં ભયજનક રીતે પાણી ભરાઈ ગયાં છે ત્યાંથી લોકોને ખસેડવામાં આવી રહ્યાં છે. શાળા-કોલેજો બંધ કરવાનો આદેશ કરાયો છે જયારે વાહનવ્યવહાર સાવ બંધ થઈ ગયો છે.રસ્તાઓ પર ફસાઈ ગયેલા અનેક લોકોને હેલિકોપ્ટર દ્વારા બચાવી લેવામાં આવ્યા હતાં. શનિવાર સુધી પાણી ઓસરે એવી કોઈ શક્યતા નથી એમ હવામાન ખાતાએ જણાવ્યું હતું. હજુ પાંચેક દિવસ સુધી લોકોને ઘર બહાર રહેવું પડશે.

# ઉત્તરાખંડનાં સાંસદો, ધારાસભ્યો એક મહિનાનો પગાર રાહતમાં આપશે

**દેહરાદૂન, તા. ૨૧**

ઉત્તરાખંડમાં ભારે નુકસાન થયા બાદ ભાજપના સાંસદોએ એક મહિનાનો પગાર આપવાનો નિર્ણય કર્યો છે. છત્તીસગઢમાં ભાજપના સાંસદો, ધારાસભ્ય અને અન્ય ચૂંટાયેલા પ્રતિનિધીઓએ મદદરૂપ થવા માટે એક મહિનાનો પગાર આપશે. મેયર, કોર્પોરેટર અને અન્ય ચૂંટાયેલા પ્રતિનિધીઓ ઉત્તરાખંડ સરકારને મદદ કરશે. ભાજપના પ્રવક્તા શિવરતન શર્માએ આ મુજબની માહિતી આપી છે. તેમને કહ્યું છે કે છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહ અને પક્ષના રાષ્ટ્રીય સંયુક્ત સચિવ સોદનસિંહના નેતળત્વમાં મળેલી બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજ્યમાંથી જુદી જુદી ટીમો બચાવ અને રાહત કામગીરી ઉપર નજર રાખી રહી છે. રમણસિંહ મુખ્યમંત્રી રાહત ફંડમાંથી ૫ કરોડની જાહેરાત કરી ચૂક્યા છે.

# નિર્મલ મેટ્રો

તંત્રીની કલમે....

## હાથના કર્યા હૈયે વાગ્યા

માણસ કંઇ રીતે વિકાસના નામે વિનાશનો પાયો મજબૂત કરી રહ્યો છે એનું જીવતું-જાગતું પ્રમાણ છે ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં થયેલી ભારે ખાનાખરાબી અને બરબાદી. પહાડો પરની નદી, ઝરણાંના વર્ષોથી જે માર્ગ રહ્યા છે એને ઉખેડીને અથવા એમાં થાંભલા રોપીને હોટેલ, ગેસ્ટ હાઉસ વગેરે બનાવવામાં આવ્યાં. વૃક્ષો કાપવામાં આવ્યાં. ડુંગરોના ડુંગરો, વૃક્ષો અને જંગલ વિહોણાં કરી નાખ્યાં. નદીઓ પર જળવિદ્યુત યોજનાની જાળ બિછાવી નાખી.

મોટા મોટા બંધ બાંધી અને પુલ બનાવીને નદીઓનો માર્ગ રોકવામાં આવ્યો, જેને કારણે ઊંચા ડુંગરો-પહાડો અને વિસ્તારોમાં પાણીનો ભરાવો થવો અને એને લીધે માટીમાંનું પોલાણ અને ભીનાશ વધતાં ગયાં. ભારે વરસાદ વરસતાં પાણી પોતાના પૂરજોશ પ્રવાહની સાથે ઊંચાઇએથી નીચાણવાળા વિસ્તાર પર ધસમસતું પડે છે અને એ માર્ગમાં આવતાં બધાં વિઘ્નોને વિંધી તોડી-ફોડીને એને ચીરતું આગળ તરફ ધસે છે. એમાં હવાઇ વિકાસના એન્જિનિયરિંગના પાયે બનેલા માર્ગ એવા ધસી પડે છે, ફાટે છે અને ધસી પડે છે.

એ સિવાય પહાડ-ડુંગરોથી જ્યારે પાણીનો વેગ વૃદ્ધ ગંગા, બાળગંગા, ગંગા, યમુના, ગંડક, સરજૂ વગેરે નદીના બંધ, વસાહત તેમ જ સાંકડા બનાવેલ પાટથી થઇને નીકળવાની કોશિશ કરે છે તો માર્ગમાં આવતાં તમામ વિઘ્નોને ધ્વંસ કરતો, માર્ગ કરતો બરબાદી મચાવે છે. ઉત્તરાખંડ અને હિમાચલમાં ભારે વરસાદને કારણે જે બરબાદી થઇ એ રીતે દિલ્હી તેમ જ અન્યો શહેરોમાં યમુના અને ગંગા જે રીતે ઉછાળા મારી રહી છે, પૂર આવી રહ્યા છે એ આનું જ પરિણામ છે.

એ વિશે પર્યાવરણવિદનું કહેવું છે કે પહાડ-ડુંગરોને વૃક્ષવિહોણાં કરશો, ડુંગરો પર નદીઓના માર્ગને અવરોધીને મોટા મોટા બંધ બનાવશો, જળવિદ્યુત પરિયોજના શરૂ કરશો, ડુંગરોથી જમીન પર ઊતરતી નદીઓના વહેળવાળા ક્ષેત્ર, પેટ, પાટને ભરીને ત્યાં શહેરો ઊભાં કરશો તો બરબાદી તો થશે જ. જો તમે કુદરત-પ્રકૃતિને બચાવશો એની સાથે તાળમેળ બાંધશો અને પછી વિકાસ કરશો તો બરબાદી નહીં થાય. જો તમે કુદરત-પ્રકૃતિના માર્ગમાં અવરોધ ઊભા કરશો તો એનાથી તમે બરબાદ થઇ જશો. જો કે આ ચેતવણી વર્ષોથી ઉચ્ચારવામાં આવી રહી છે અને ઉત્તરાખંડમાં પણ આ પહેલી આફત નથી દર વર્ષે ત્યાં પુર અને ભૂસ્ખલનને કારણે વિનાશ સર્જાય છે પણ તે નાના પાયે હોવાને કારણે ત્યાંની સરકાર કોઇ જ ધ્યાન આપતી નથી તેમને તો ત્યાંથી મળતી આવકમાં વધારે રસ હોવાને કારણે ત્યાં આવક કઇ રીતે વધે તેના પર સરકારનું ધ્યાન હોય છે પણ જે ચેતવણી અપાય છે તેના પર પગલા લેવાનું કોઇ સરકારને સુઝતું નથી પરિણામે વર્ષ ૨૦૦૧માં થોડી પરિયોજનાઓ કાર્યરત હતી ત્યારે આડેધડ યોજનાઓ ચાલુ કરાઇ છે નદીઓને વહેણને વાળવામાં આવ્યા છે અને પહાડોને વિસ્ફોટો કરી કરીને ખોખલા કરાયા છે પરિણામે આ વખતે જે વાદળ ફાટ્યું તેમાં ભારે વિનાશક રીતે ભૂસ્ખલનની પ્રવૃત્તિ જોવા મળી હતી એક તરફ પાણીનો ફોર્સ અને બીજી તરફ તુટતા પહાડોના કારણે કેદારનાથ સહિત કેટલાય વિસ્તારોનું નામોનિશાન મટી ગયું છે અને હજ્જારોને મોતને ઘાટ ઉતરવું પડ્યું છે સરકાર હવે પોતાની યોજનાઓ અંગે પુનઃ વિચાર કરે તે જરૂરી છે પણ જોકે સરકારો હંમેશા આ પ્રકારની આફતો વિત્યા બાદ તેમાંથી કોઇ સબક તો શીખતી જ નથી એ વાસ્તવિકતા છે.

# ઉત્તરાખંડમાં પ્રકૃત્તિનું તાંડવ

ઉત્તરાખંડમાં વરસાદે મચાવેલા તાંડવની તસ્વીરો વિચલિત કરી મુકે છે.હિમાચલનાં જનજાતિય જિલ્લા કિન્નોરમાં કુદરતી તબાહીની સ્થિતિ એ હતી કે હિમાચલનાં મુખ્યમંત્રી વીરભદ્રસિંહ સાઠ કલાક સુધી સાંગલા ખીણ પ્રદેશમાં ફસાઇ રહ્યાં હતા.ઉત્તરાખંડનાં એક પર્વતીય વિસ્તારને ગઢવાલ કહેવામાં આવે છે. જો કે બહારનાં સહેલાણીઓ માટે તો આખું ઉત્તરાખંડ જ ગઢવાલ છે.એક સમય એવો હતો કે પર્યટકો ઉત્તરાખંડમાં વરસતા વરસાદને જોવા માટે ત્યાં પહોંચતા હતા.પણ એ જ કુદરતની વિશેષ છટા, અદા આજે કહેરનું કારણ બની ગઇ છે અને હજ્જારો યાત્રાળુઓ મોતને ઘાટ ઉતર્યા હોવાનું કહેવાઇ રહ્યું છે, કેદારનાથ આખે આખું તબાહ થઇ ગયું છે.ત્યારે લોકો વિચાર કરે છે કે જ્યાં જવા માત્રથી મોક્ષ મળે છે ભોલેની એક ઝલકથી આખા જીવનનાં પાપ કપાઇ જાય છે તે ભોલેની દેવભૂમિ પર કેમ ભોલાનાથનો કહેર વરસ્યો છે.વરસાદનાં રૂપમાં ત્યાં કહેર વરસી ગયો છે.બદ્રીનાથ, કેદારનાથ. યમુનોત્રી અને ગંગોત્રી જેવા અનેક તીર્થસ્થળોની ભૂમિ પર ઇશ્વર આજે કૃપાને બદલે જાણે કે ક્રોધ વરસાવતો હોવાનું લાગે છે.ઉત્તરાખંડની સાથોસાથ હિમાચલપ્રદેશ એ રાજ્ય છે જેના પર કુદરતોનો કોપ વરસ્યો છે.આમ તો આ પ્રકારનાં ઉંચા પહાડો કાશ્મીરમાં પણ છે પણ ત્યાં આ પ્રકારની ઘટનાઓ ઘટવા પામી નથી.

જો કે ઉત્તરાખંડમાં હાઇડ્રો પાવર પરિયોજનાઓ ભારે પ્રમાણમાં છે અને હાલમાં જે કહેર વરસ્યો તેના માટે આ વિસ્તારનાં અનિયંત્રિત વિકાસને જવાબદાર ગણાવવામાં આવે છે.પહાડી વિસ્તારોમાં કથિત વિકાસનાં નામે અપાતી ઔદ્યોગિક રાહતોનાં કારણે કુદરતી સંતુલનમાં ભારે ફરક પડી ગયો છે.તેના કારણે આજે ઉત્તરાખંડ તેના અસ્તિત્વને બચાવવા ઝઝુમી રહ્યું છે.

કોઇ કાળે ઉત્તરપ્રદેશનો હિસ્સો રહેલ ઉત્તરાખંડ વર્ષ ૨૦૦૦માં ભારતનાં ૨૭માં રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું હતું.જેનો વિસ્તાર ૫૩૪૮૦ વર્ગમાં ફેલાયેલો છે.તેર જિલ્લા અને ૧૫૭૬૧ ગામડા અને ૮૬ ટકા પહાડી વિસ્તારવાળું આ રાજ્ય વર્ષ ૨૦૦૧ - ૨૦૦૨માં ૧૧૧૬.૧૦ મેગાવોટ વીજળીનુ ઉત્પાદન કરતુ હતું.આ વર્ષમાં આ પ્રદેશમાં વીજળીનું સંકટ ઝીરો ટકા હતું અને પાવર સરપ્લસ રાજ્ય હતું. જો કે નવું રાજ્ય બન્યું તે પહેલા પહાડ પર પર્યાવરણ સાથે કોઇપણ પ્રકાર પ્રકારની છેડખાની કરવા પર કડક પ્રતિબંધ હતા.પણ ત્યારબાદ ઉત્તરાખંડનાં નામે રાજકારણ કરનારાઓનાં હાથમાં રાજ્યની બાગડોર આપવામાં આવી તેમણે વિકાસના નામે બેફામ લુંટ મચાવી હતી અને હાલમાં પણ મચાવી રહ્યા છે.કોઇપણ પ્રકારનો વિચાર કર્યા વિના જળસંસાધનોનું દોહન કરવામાં આવ્યું અને એક પછી એક વીજ પરિયોજનાઓને મંજુરી આપવામાં આવી હતી.હાલમાં ઉત્તારાખંડ ૨૦૩૬.૬૫ મેગાવોટ કરતા વધારે વીજ ઉત્પાદન કરનાર રાજ્ય છે.પણ વિચિત્ર વાત એ છે કે વર્ષ ૨૦૦૧-૦૨માં અહી ૧૧૧૬.૧૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન થતું હતું ત્યારે તે સરપ્લસ રાજ્ય હતું જ્યારે આજે આ રાજ્ય ૩૧૫૨.૭૫ મેગાવોટ વીજળી ઉત્પાદન કરે છે પણ તેમ છતાં ૧૨૫૬ મેગાવોટ વીજળીની તંગી વર્તાઇ રહી છે.

આ ઉપરાંત એક બીજી અસર એ પડી કે જ્યારે આ પ્રકારનાં પ્રોજેકટની સ્થાપના થાય ત્યારે વનસંપત્તિનો ભોગ આપવો પડે છે. વૃક્ષો કાપવા પડે છે.પહાડોમાં વિસ્ફોટકો લગાવીને ધડાકાઓ કરવા પડે છે પરિણામે પાણીમાં લાખ્ખો ટન કચરો વહે છે.પરિણામે નદીઓનું પાણી ઝેરી બનવા ઉપરાત તેના જળસ્તરમાં પણ વધારો થાય છે.પણ તેમ છતાં આ રાજ્યને વીજળીની તંગી ભોગવવી પડે છે.પહાડમાં સુવિધાઓ આપીને મેદાની પ્રદેશનાં ઓદ્યોગિક વિકાસનું સત્યાનાશ કરવામાં આવ્યું અને પહાડોમાં કારખાનાઓ લગાવીને પહાડોનું સત્યાનાશ કરાયું છે.આજે લુધિયાણાને ઉત્તરભારતમાં સૌથી પ્રદુષિત શહેરનો દરજ્જો આપવામાં આવે છે તેનું કારણ ઔદ્યોગિક પ્રદુષણ છે.ઉત્તરકાશીનાં ઉંચા પહાડો પર પણ વીજળીનું ઉત્પાદનકરવા માટે કે અન્ય ઉત્પાદન માટે કારખાના ખોલવા માટે ભારે રોકાણ કરાયું છે જેણે આ કુદરતી પ્રદેશોને અકુદરતી કરી નાંખ્યા છે અને પરિણામે કુદરતે પોતાનું ત્રીજુ નેત્ર ખોલીને જે કહેર વરસાવ્યો છે તે આ રાજકારણીઓ માટે એક સબક છે.હાલમાં તો આ બધાનો વિચાર કર્યા વિના રાહત અને બચાવ કાર્ય કરવાની જરૂર છે કારણકે ત્યાં હજ્જારો શ્રદ્ધાળુઓ ફસાયેલા છે પણ આ કાર્ય પુરૂ થયા બાદ પ્રદેશની વિકાસનીતિને ફરીથી તૈયાર કરવાની જરૂર છે.જેથી આ પ્રકારની આફતોને ઘટાડી શકાય.જનહિત સાથે જોડાયેલો મજબુત અને ટકાઉ વિકાસ જ મહત્વપુર્ણ છે.

હિમાલય દેશનું સૌથી સંવેદનશીલ અંગ છે.ત્યારે તેના વિકાસ માટે બનાવવામાં આવતી નીતિઓનાં નિર્માણ સમયે સાવધાની રાખવી રહી.ઉતાવળે બનાવવામાં આવેલી અંગત સ્વાર્થને સિદ્ધ કરનાર નીતિઓનાં ખરાબ પરિણામો અહી વસતા ગ્રામવાસીઓને ભોગવવા પડ્યા છે.વનસંપત્તિને જે પારાવાર નુકસાન થયું છે તેની પ્રતિકુળ અસર વર્તાઇ છે.આમ તો અંગ્રેજોનાં શાસનકાળથી જ કેટલીક નીતિઓ અપનાવવામાં આવીહતી તેને આઝાદી બાદ રોકવાના સ્થાને આગળ વધારવાનું કામ જ આપણાં રાજકારણીઓ દ્વારા કરાયું હતું.ત્યાં પહોળા પાનનાં વૃક્ષોને બદલે શંકુ આકારનાં ચીડનાં વૃક્ષો વધતા ગયા જેણે પ્રાકૃતિક સંતુલનને ખોરવવાનું કામ કર્યુ હતું કારણકે પહોળા પાન વાળા વૃક્ષો ચારા ઉપરાત અહી ખેતરમાં ખાતર રૂપે કામ લાગતા હતા.જ્યારે ચીડનાં વૃક્ષો નાતો પર્યાવરણ માટે સારા સાબિત થયા છે ના તો ખેતર કે ખેડુતોને તે ઉપયોગી બન્યા છે.હિમાલયના અનેક ક્ષેત્રોમાં બેફામ ખનનને કારણે વનોને પારાવાર નુકસાન થયું છે.જેના કારણે ભુસ્ખલન અને પુરની સમસ્યાઓ સર્જાઇ છે હાલમાં આવેલી તબાહીનું કારણ ભુસ્ખલન અને ભયંકર પુર જ છે.જેના કારણે અનેક વિસ્તારો તબાહ થઇ ગયા છે અને નકશા પર તેમનું અસ્તિત્વ જ રહ્યું નથી.માત્ર તેની અસર પહાડી વિસ્તારો સુધી સીમિત રહેવાની નથી તેની પ્રતિકુળ અસર દુરનાં મેદાની વિસ્તારો પર પણ પડવાની છે.સમગ્ર હિમાલયમાં અનેક બંધ પરિયોજનાઓ ચાલી રહી છે.જેના કારણે અહીનાં અનેક ગામડાઓ પર સંકટ તોળાઇ રહ્યું છે.તે ગ્રામિણ સમુદાય અને પર્યાવરણ માટે ખતરાજનક છે.આથી બંધ પરિયોજનાઓ પર પુનર્વિચાર જરૂરી છે.

ચોમાસા દરમિયાન દર વર્ષે



ભારતમાં પુરના પ્રકોપથી લગભગ ત્રણ કરોડ લોકો પ્રભાવિત થાય છે.જેના કારણે અનેકને પોતાનાં જીવનથી હાથ ધોવા પડે છે એ ઉપરાંત ઉભા પાક નાશ પામે છે અને પ્રાણીઓ પણ બહોળી સંખ્યામા નાશ પામે છે.હાલમાં ઉત્તરાખંડ અને હિમાચલમાં ભારે વરસાદ, ભુસ્ખલન અને વાદળ ફાટવાની આફતોએ કહેર મચાવી દીધો છે તેમાંય આ આફત ત્યારે આવી જ્યારે સેંકડો શ્રદ્ધાળુઓ ચારધામની જાત્રા પર હતાં.તો હાલમાં જ બુધવારે દિલ્હીમાં યમુનાએ ખતરાની સપાટી વટાવી હતી એટલું જ નહી અનેક વસ્તીઓ પુરના પાણીમાં જળમગ્ન બની ગઇ હતી અને પાણી છેક રિંગ રોડ સુધી પહોંચી ગયું હતું.ઉત્તરાખંડમાં હજ્જારો લોકોનાં મોતની આશંકા છે પણ દુર્ગમ માર્ગો અને વિષમ વાતાવરણને કારણે હજી ત્યાં લોકોને સલામત સ્થળે ખસેડી શકાયા નથી અને હજ્જારો લોકો ફસાયેલા છે.લગભગ ૯૦ જેટલી ધર્મશાળાઓનો કોઇ અતોપતો નથી. જેમાં હજ્જારો લોકોએ શરણ લીધી હતી.એ જ પ્રકારે અસંખ્ય દુકાનો અને હોટલો પણ નાશ પામી છે.ઘણાં સ્થળોએ આખેઆખી વસ્તી જ પાણીનાં પુરમાં વહી ગઇ છે.સૌથી વધારે તબાહી કેદારનાથ ધામમાં મચી જવા પામી છે.મંદિરને બાદ કરતાં ત્યાં મોટાભાગની વસ્તુઓ નાશ પામી છે.ચોતરફ માટે કાટમાળનાં ઢગલા જ દેખાય છે.કેદારનાથ, રામબાડા અને ગૌરીકુંડ તબાહ થઇ ગયા છે.કેદારનાથની તળેટીનાં સાઇઠ જેટલા ગામડાઓનું નામોનિશાન બચ્યું નથી.સાથોસાથ રૂદ્રપ્રયાગ, ચમોલી અને ઉત્તરકાશી પણ તબાહ થઇ ગયા છે.

પર્વતાળ વિસ્તારોમાં આવેલ સડકોને યોગ્ય કરતા જ ખાસ્સો સમય લાગી જાય તેમ છે.તો આ આખા વિસ્તારનાં પુનઃનિર્માણમાં તો વર્ષો લાગી જશે.પ્રકૃત્તિનું આવું વિનાશક રૂપ આ પહેલા કોઇએ જોયુ ન હતું.પુરના પાણીમાં મકાનો તાશનાં મહેલની જેમ ફસડાઇને પુરના પાણીમાં વહી જતા નજરે પડ્યા હતા.ત્યાં ફસાયેલ લોકોને ચાર પાંચ દિવસથી ભોજન અને પાણી નસીબ થયું નથી.આફતગ્રસ્ત વિસ્તારોમાં રાશન ખુટી ગયું છે અને લાખો લોકો રાહતની રાહ જોઇ રહ્યાં છે.આ ઉપરાંત ત્યાં તબીબી સહાયની ભારે જરૂરિયાત વર્તાઇ રહી છે. જો કે સેના સહિત અનેક એકમો હાલમાં ત્યાં રાહત પહોચાડવાનો પ્રયાસ કરી રહ્યાં છે.પણ ત્યાનાં વિષમ વાતાવરણને કારણે રાહત અને બચાવકાર્ય એટલી ઝડપથી થઇ રહ્યું નથી.

પર્યાવરણનો ખ્યાલ રાખ્યા વિના જ આડેધડ રીતે બંધ પરિયોજનાઓનાં અમલીકરણને કારણે દર વર્ષે પુરની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે.આ ઉપરાંત વનનો નાશ અને વીજપરિયોજનાઓ માટે નદીનાં વહેણને અન્યત્ર વાળવા જેવી પ્રવૃત્તિને પગલે પણ વિનાશલીલા સર્જાય છે.પર્યાવરણ વિદ માને છે કે હાલમાં ઉત્તરાખંડમાં જે બન્યું છે તેનું કારણ સરકારની આડેધડ વિકાસની નીતિ અને પર્યાવરણ સાથે છેડછાડ જવાબદાર છે.એક બે દાયકા પહેલા ઉત્તરાખંડનાં કેદારનાથ અને રૂદ્રપ્રયાગમાં થોડા જ મકાનો હતાપણ હવે તો નદીના કિનારે સેકડો મકાનો ઉભા કરાયા છે જેના કારણે નદીનું વહેણ અવરૂદ્ધ થતું હતું.અહી વિકાસના નામે ઘણું થોપાયું પણ કુદરતી આફત સમયે તાત્કાલિક પગલા ભરવા માટે કોઇ સંસાધન તેની પાસે નથી.આફત આવતા પહેલા અને પસાર થઇ ગયા બાદ પણ સરકાર તેની તરફ કોઇ ધ્યાન જ આપતી નથી.ઉત્તરાખંડમાં ભુસ્ખલન અને પુરની આ પહેલી ઘટના નથી પણ આ પ્રકારની આફત બાદ તેમાંથી કોઇપણ સબક શીખવામાં આવતો નથી.

૨૬ ડિસેમ્બર ૨૦૦૪માં આવેલી સુનામી બાદ સરકારે એક ક્વીક રિસ્પોન્સ ટીમની રચના કરવાનો નિર્ણય કર્યો હતો પણ આજે નવ વર્ષ બાદ પણ એ દિશામાં કશું જ કરાયું નથી. વિશ્વબેંકે હાલમાં જ પોતાનાં એક અહેવાલમાં ભારતમાં પુરનો ખતરો વધવાની વાત કરી હતી.તેવામાં આ ખતરાથી બચવા માટે જરૂરી પાયાગત માળખાને તૈયાર કરવા, પુર તથા અન્ય પ્રાકૃતિક આફતોની ચોક્કસ ચેતવણી પ્રણાલિ વિકસિત કરવા તથા સરકારી મશીનરીને ચુસ્ત દુરસ્ત કરવાની જરૂરિયાત છે.આમ તો સરકારે આ આફત સમયે એકહજાર કરોડની રાહતની જાહેરાત કરી છે પણ તે પહેલા રાહત અને બચાવકાર્ય વધારે ઝડપી બનાવવાની જરૂરિયાત છે.

# આપણા જંગલોના આપણે જ દુશ્મન

આમ તો પર્યાવરણ રક્ષણમાં જંગલોની મહત્વપૂર્ણ ભૂમિકાનો હંમેશાં સ્વીકાર કરવામો આવ્યો છે પરતં જલવાયુ બદલાવના વધતા ખતરાને ધ્યાનમાં રાખીને કાર્બન ડાયોક્સાઈડ શોષવાની પોતાની ભૂમિકાને કારણે તેનું મહત્વ ઔર વધી ગયું છે. ચિંતાની વાત એ છે કે, તેમ છતાં જંગલોના વિનાશમાં ઘટાડો નથી થયો. અનુમાન છે કે, છેલ્લા એક દાયકામાં જ આખા વિશ્વના જંગલક્ષેત્રમાં લગભગ ચાર લાખ વર્ગ કિ.મી.નો ઘટાડો થયો છે. જોવામાં આવે તો વિકસિત દેશ લાકડાની મોટાપાયે આયાત ક્યાંથી કરે ચે તો સ્પષ્ટ થઈ જશે કે ગરીબ દેશોમાં જંગલોનો વિનાશ આ વિકસિત દેશોની માંગની આપૂર્તિ માટે થઈ રહ્યો છે.

ભારત જેવા વિકાસશીલ દેશો વિશે એ માનવામાં આવે છે કે, અહીંના વન અને પર્યાવરણ વિભાગ ઘણા સક્રિય છે અને અહીં જંગલોની સ્થિતિ એકંદરે ઠીકઠાક છે. સરકારી આંકડા પણ એ દર્શાવે છે. જો તેમને સાચા માનવામાં આવે તો ભારતના વનાચ્છાદિત ક્ષેત્રમાં વર્ષ ૧૯૯૭-૨૦૦૭ની વચ્ચે ૦.૫ ટકા પ્રતિવર્ષ વૃદ્ધિ થઈ. પરંતુ સ્વતંત્ર સંશોધનકર્તા આ સરકારી આંકડાને પડકારી રહ્યા છે. આ પડકારનો એક મુખ્ય આધાર એ રહ્યો છે કે, સરકારી આંકડામાં જંગલોની બહુ સંકુચિત રીતે વ્યાખ્યા કરવામાં આવી છે.

જ્યાં થોડાં વૃક્ષો છે અથવા જ્યાં પ્રાકૃતિક જંગલોને નષ્ટ કરાયા બાદ વ્યાપારિક મહત્વનાં વિદેશી પ્રજાતિનાં વૃક્ષો લગાવાય છે તેમને પણ વનક્ષેત્ર રૂપે ગણી લેવાય છે. શું આ યોગ્ય છે? પ્રાકૃતિક વનોમાં મિશ્રિત પ્રજાતિઓના વૃક્ષો ગાઢ સ્વરૂપે હોય છે અને તેમની નીચે નાના ફૂલછોડ, ઝાડીઓ અને ઘાસ પોષણ પામે છે.

આ માહોલમાં જાતજાતના પશુપક્ષીઓ, કીટકો વગેરેને અનુકૂળ વાતાવરણ મળે છે. આ મિશ્રિત પ્રાકૃતિક જંગલોમાં જૈવ વિવિધતા અને કાર્બન ડાયોક્સાઈડ શોષવાની અદ્દભુત ક્ષમતા હોય છે. આ જંગલોમાં પૂરને રોકવા તથા વિભિન્ન પ્રકારના પૌષ્ટિક ખાદ્ય અને જડીબુટ્ટીઓ આપવાની ક્ષમતા હોય છે. જળ સંરક્ષણમાં તેનું ઘણું યોગદાન હોય છે.

બીજી તરફ વ્યાપારિક પ્રજાતિઓના મોનોકલ્ચર અથવા મુખ્ય રૂપે એક જ વૃક્ષના મોટા ક્ષેત્રમાં કરવામાં આવેલ



પ્લાન્ટેશન પ્રાકૃતિક જંગલો જેવી બહુપક્ષીય ભૂમિકા નિભાવવામાં અસમર્થ હોય છે. વિદેશી પ્રજાતિઓના મોનોકલ્ચર તો વધુ હાનિકારક સાબિત થયા છે. કારણ કે તે કોઈ અન્ય સ્થિતિ માટે ઉપયોગી હતા, અહીં તેમને જબરદસ્તી પ્રવેશ અપાયો છે.

નીલગિરીના રોપ પોતાની જળ શોષવાની ક્ષમતા માટે ઓળખાય છે પરંતુ તેને એવાં ક્ષેત્રોમાં પણ લગાવી દેવાય છે જ્યાં પાણીનું સંકટ છે. આ રીતે જળ સંરક્ષણ કરવાની જગ્યાએ તેમની ભૂમિકા જળસંકટ વધારવાની થઈ ગઈ. આમ પણ પ્લાન્ટેશનનો મુખ્ય ઉદ્દેશ્ય ઝડપથી વધનાર વૃક્ષો લગાવીને નિશ્ચિત અવધિમાં કાપી લેવાનો હોય છે. તેથી પ્લાન્ટેશનને સ્થાયી હરિયાળી ન ગણી શકાય.

આટલા માટે વન આચ્છાદિત ક્ષેત્રના યોગ્ય અનુમાન લગાવવા માટે આ પ્રકારના પ્લાન્ટેશનને તેમાં સામેલ ન કરવા જોઈએ. જો આ પ્લાન્ટેશન ક્ષેત્રોને હટાવીને ઉપલબ્ધ આંકડાનું આકલન કરવામાં આવે તો ખબર પડે છે કે, ભારતના પ્રાકૃતિક વન પ્રતિ વર્ષ લગભઘ ૨.૧ ટકાના દરે ઓછાં થઈ રહ્યાં છે.

આ એક મોટો ફરક છે. તેથી એ જરૂરી છે કે, જંગલોની વાસ્તવિક સ્થિતિની સમજ દેશમાં ઊભી કરવામાં આવે અને તેને અનુકૂળ જરૂરી પગલાં ભરવામાં આવે. તેના માટે વન વિભાગો અને અધિકારીઓના દષ્ટિકોણમાં પણ બદલાવ કરવાની જરૂર છે.

આપણી હાલની જંગલનીતિના બીજા એક પક્ષ પર ધ્યાન આપવાની જરૂર છે. હિમાલયના સંદર્ભે ક્યારેક ગાંધીજીની શિષ્યા મીરાં બહેને વન અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ ચર્ચા શરૂ કરી હતી કે કઈ રીતે ચીડ (પાઈન)જેવા શંકુધારી વૃક્ષોને મહત્વ આપવાથી પહોળા પાનાંના બાંઝ (ઓક) જેવાં વૃક્ષો હાંશિયામાં ધકેલાઈ ગયાં છે. પરંતુ ગ્રામવાસીઓને પશુપાલન, જળ અને જમીનના સંરક્ષણની દષ્ટિએ ઓક જેવા પહોળા પાનવાળાં વૃક્ષો વધુ ઉપયોગી હતા. આ રીતે જંગલોનું ચરિત્ર બદલવાથી ગામવાસીઓનો જંગલો સાથેનો સંબંધ બદલાવા લાગ્યો અને તેમના મનમાં પોતાનાં જંગલોની ભાવના કમજોર થવા લાગી. તેથી જ્યારે જંગલોના રક્ષણની વાત કરવામાં આવે છે તો મિશ્રિત પ્રાકૃતિક જંગલોના રક્ષણનું વિશેષ ધ્યાન રખાવું જોઈએ.

આજે મોટાભાગનાં ગાઢ પ્રાકૃતિક વન આદિવાસી ક્ષેત્રોમાં જ બચ્યાં છે. તેમણે હજારો વર્ષો સુધી આ જંગલોનો ઉપયોગ પોતાની જીવનશૈલીને અનુકૂળ જ કર્યો અને તે નષ્ટ ન થયાં. પરંતુ હવે કોઈ એક ખનન પરિયોજના એક જ ઝાટકે આખું જંગલ ઉજાડી દે છે. કેટલીયે પરિયોજનાઓ માટે એક લાખ કે તેથી પણ વધુ વૃક્ષો કપાઈ જાય છે અને એ ક્ષેત્રની બહાર કોઈને ખબર પણ હોતી નથી.

જે જંગલોની કાપણી પહેલાં પ્રતિબંધિત મનાતી હતી, આજે ત્યાં પણ તેની સ્વીકૃતિ આપવામાં આવી રહી છે. જ્યાં ખનન જેવાં કાર્યો પ્રતિબંધિત હતાં ત્યાંથી પણ પ્રતિબંધ હટાવી લેવાયા છે. આ પ્રવૃત્તિઓની પાછળ મૂળ વાત એ છે કે, પર્યાવરણ પર પૈસા અને સંરક્ષણ પર સોદાબાજી હાવી થઈ ગયાં છે. પરંતુ જંગલોના બહુપક્ષીય મહત્વને રેખાંકિત કરતાં આપણે જંગલ વિનાશને અટકાવવો જ પડશે.

# કંપની સમાચાર

## એનેક્ટસ વર્લ્ડ કપમાં દિલ્હી ટેક્નોલોજીકલ યુનિવર્સિટી ભારતનું પ્રતિનિધિત્વ કરશે

### દિલ્હી ટેક્નોલોજીકલ યુનિવર્સિટી એનેક્ટસ ઇંડિયા નેશનલ કોમ્પેટિશનમાં વિજેતા તરીકે જાહેર




અમાદાવાદ, જૂન ૨૦૧૩ : દિલ્હી ટેક્નોલોજીકલ યુનિવર્સિટી તેઓના આઉટરીચ પ્રોજેક્ટ્સ - પ્રોજેક્ટ છાપ, પ્રોજેક્ટ એન્ન અને પ્રોજેક્ટ ઉન્મુલ્લન માટે એનેક્ટસ ઇંડિયા નેશનલ કોમ્પેટિશનમાં વિજેતા તરીકે ઉભરી આવી છે. ડીટીયુની એનેક્ટસ ટીમ કેનકુન, મેક્સિકો ખાતે ૨૯ સપ્ટેમ્બર થી ૧ ઓક્ટોબર સુધી યોજાનાર એનેક્ટસ વર્લ્ડ કપમાં આશરે ૩૭ દેશોની સાથે ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

આ પ્રસંગની શોભા વધારવા એનેક્ટસ વર્લ્ડવાઇડના પ્રેસિડન્ટ અને સીઇઓ ડૉ. એલવિન રોહ્ર્સ, એનેક્ટસ ઇંડિયાના પ્રેસિડન્ટ શ્રી ફરહાન પેટ્ટીવાલા અને એનેક્ટસ ઇંડિયા નેશનલ એડવાઇસરી બોર્ડના ચેરમેન અને ભારત ખાતે કેપીએમજીના સીઇઓ શ્રી રીચાર્ડ રેખી ઉપસ્થિત રહ્યાં હતાં.

સમાપાન સમારોહ પ્રસંગે એનેક્ટસ વર્લ્ડવાઇડના પ્રેસિડન્ટ અને સીઇઓ ડૉ. એલવિન રોહ્ર્સે જણાવ્યું, “ભારત એનેક્ટસ નેટવર્કમાં પ્રવેશનાર દેશો પૈકી એક છે. જોકે ૧૦ વર્ષના ટૂંકા સમયગાળામાં તેઓએ ૧૬૦૦ એક્ટિવ વિદ્યાર્થીઓ સાથે ૫૭ કોલેજો શરૂ કરી છે અને સમગ્ર દેશના કરોડો લોકોને પ્રભાવિત કર્યા છે. અહીંયા જોયેલી પ્રતિભાઓને જોતા મને પૂરો વિશ્વાસ છે કે એનેક્ટસ ઇંડિયા વધુ ઉંચાઇએ પહોંચી ભારતમાં યુવા વિકાસ અને સામુદાયિક ભાગીદારી માટે શ્રેષ્ઠ મંચ બની રહેશે.” દેશની ૩૫થી વધારે એનેક્ટસ ટીમોએ આ અનોખી સ્પર્ધામાં તે દર્શાવવા ભાગ લાધો હતો કે કેવી રીતે ઉદ્યમશીલતા માનવ પ્રગતિને સક્ષમ અને વિશ્વને વધું સારી રીતે આકાર આપી શકાય. સમગ્ર દેશની એનેક્ટસ ટીમોએ તેઓના પ્રોજેક્ટ જજ તરીકે સેવા આપતા કોર્પોરેટ વર્લ્ડના લગભગ ૨૦૦થી વધારે ચેરમેન, સીઇઓ અને એમડી સામે પોતાના પ્રોજેક્ટ રજૂ કર્યા હતાં.



એલસીપી! છોટા ભીમ : બચાવો બચાવો સ્પેશિયલ ૨૩, જૂન ૨૦૧૩ રવિવાર, બપોરે ૨ કલાકે માત્ર પોગો પર

એલસીપી! ક્રિષ્ના બલરામ સ્પેશિયલ : ધરતી કે ઉસ પાર! ૨૨, જૂન ૨૦૧૩ શનિવાર, બપોરે ૨ કલાકે માત્ર પોગો પર



# ગંગામાં વહી ગયેલા ૪૮ મૃતદેહો હરિદ્વારમાં મળ્યા

**તમામ લાશો વિકૃત અવસ્થામા હોવાથી ઓળખ થઇ શકે તેમ નથી : પાણીની સપાટી ઘટતા વધુ મૃતદેહો મળી આવશે : કેદાર ઘાટીમાં ૬ હજાર તો બદ્રીનાથમાં ૧૦ હજાર લોકો ફસાયેલા છે**

**નવી દિલ્હી, તા. ૨૧**

ઉત્તરાખંડમાં કુદરતે જે તબાહી મચાવી છે તેના પુરાવા હવે મેદાની વિસ્તારો સુધી પહોંચવા લાગ્યા છે. જે લોકો પહાડી વિસ્તારોમાં માર્યા ગયા છે, નદીઓ દ્વારા તેમની લાશો મેદાની વિસ્તારોમાં વહેતા પહોંચી ગઇ છે. હરિદ્વારમાં ગંગા દનીમાં આવા જ મૃતદેરો વહેતા પહોંચ્યા છે. ત્યાંના એસએસપી રાજીવ સ્વરૂપે જણાવ્યું કે ગંગા નદીમાંથી ૪૮ લાશો બહાર કાઢવામાં આવી છે.



જે લાશો વહીને આવી છે તેમની ઓળખ કરવાનું અશક્ય છે. દરમ્યાન એવી શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે આ લાશો ઉપરવાસમાંથી વહીને આવી છે. તેમણે કહ્યું હતું કે આ લાશોના ડીએનએ ટેસ્ટ કરાવીને તેમની ઓળખ કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે હજી પાણી ઉતરશે તેમ વધુ લાશો આવી શકે છે.

બીજીતરફ જાણવા મળ્યું છે કે ઉત્તરાખંડમાં પૂરને કારણે મૃત્યુઆંક ૫૫૬ સુધી પહોંચી ગયો છે. હજી પણ હજારો લોકો વિવિધ વિસ્તારોમાં ફસાયેલા છે. સેના અને આઇટીબીપીના ૧૦ હજારથી વધુ જવાનો રાહત અને બચાવ કાર્યમાં જોતરાયેલા છે. લગભગ ૨૫ હેલિકોપ્ટર લોકોને સલામત સ્થળે ખસેડવામાં લાગેલા છે.

માનવામાં આવી રહ્યું છે કે કેદારઘાટીમાં હજી પણ લગભગ છ હજાર લોકો ફસાયેલા છે. તેમાંથી મોટાભાગના લોકોને તુર્ત જ બચાવવાની આવશ્યકતા છે. બદ્રીનાથમાં ૧૦ હજાર લોકો ફસાયેલા હોવાનું જાણવા મળેલ છે. ત્યાં રાશન પણ ખતમ થઇ ગયું છે.

આવતી કાલે શનિવારે હવામાન વિભાગે વરસાદ પડવાની આગાહી કરી છે. એવામાં વધુને વધુ લોકોને આજે જ બહાર કાઢવાના પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે.

# ગુજરાત રાજ્ય શાળા પાઠયપુસ્તક મંડળે ૧થી ૧૨ ધોરણના પુસ્તકો છાપ્યા જ નથી

**પ્રેસ યુનિટમાં માત્ર ૯ કર્મચારીઓનો જ સ્ટાફ જે મુખ્યત્ત્વે સરકારી જાહેરાતો છાપવામાં જ વ્યસ્ત**

**અમદાવાદ, તા. ૨૧**

ગુજરાત રાજ્ય શાળા પાઠયપુસ્તક મંડળની વધુ એક પોલ બહાર આવી છે. અસારવા પુલ નીચે આવેલા મંડળના સેલ ડેપોમાં ૧થી ૧૨ ધોરણના મોટા ભાગના પુસ્તકો વેચાઈ ગયા છે. મંડળના ડેપો મેનેજરના કહેવા મુજબ મંડળ પાસે પુસ્તકો માગવા છતાં તેમને પુસ્તકો મળ્યા નથી કારણ કે મંડળે પુસ્તકો છાપ્યા જ નથી.

પાઠયપુસ્તક મંડળ રજિસ્ટર્ડ થયેલા મુદ્રકો પાસે પાઠયપુસ્તકોનું મુદ્રણકાર્ય કરાવે છે. આ ઉપરાંત મંડળનું ગાંધીનગર ખાતેનું પ્રેસ યુનિટ પણ છે. પરંતુ આ પ્રેસ યુનિટમાં માત્ર ૯ કર્મચારીઓનો જ સ્ટાફ છે. જે મુખ્યત્ત્વે સરકારી જાહેરાતો છાપવામાં જ વ્યસ્ત રહે છે. જેને કારણે સમયસર પાઠયપુસ્તકોનું છાપકામ થતું નથી. હાલમાં જ્યારે મંડળના સેલ ડેપોમાં જ ધોરણ ૧થી ૧૨ના પુસ્તકો મળતા નથી ત્યારે અમદાવાદ જિલ્લાના મુખ્ય ૩૩ વિક્રેતા અને ૩૫૦૦ છુટક વિક્રેતાઓને મંડળ પુસ્તકો કેવી રીતે પહોંચાડી શકશે?

અસારવા સેલિંગ ડેપો મેનેજરના જણાવ્યા અનુસાર હાલમાં મંડળના ગાંધીનગર ખાતેના મુખ્ય ગોડાઉનમાં જ પુસ્તકો ન હોવાથી આ સ્થિતિનું નિર્માણ થયું છે. જે સ્ટોક આપવામાં આવ્યો હતો તે છુટક વેચાણ, સ્કુલો અને એજ્યુકેશન ટ્રસ્ટોને આપી દેવામાં આવ્યા છે. હાલમાં માર્કેટમાં વેપારીઓ જૂના પુસ્તકો ઉપર નભી રહ્યા છે.

થોડા દિવસો પૂર્વે જ મંડળના સેલ ડેપો દ્વારા મંડળ પાસે પુસ્તકોની માગણી કરવામાં આવી હતી પરંતુ હજુ સુધી મંડળે ડેપોને કે વિતરકોને પુસ્તકો પહોંચાડયા નથી. જે મળવાની શકયતા હજુ એક અઠવાડિયા સુધી જણાતી નથી. મંડળ દ્વારા ૨ મહિનાના વેકેશનમાં શું કામગીરી કરવામાં આવી, પુસ્તકોના કેટલા સેટ તૈયાર કરવામાં આવ્યા તે અંગે કોઈ જ માહિતી મંડળ પાસે નથી.

# કોંગી સાંસદોને એક મહિનાનું વેતન દાનમાં આપવાની અપિલ

**નવીદિલ્હી, તા. ૨૧**

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ પાર્ટીના બધા સાંસદો અને વિધાયકોને પોતાનું એક મહિનાનું વેતન ઉત્તરાખંડમાં આવેલી કૂદરતી આફત પીડિતોની સહાયતા માટે આપી દેવા અપીલ કરી છે. કોંગ્રેસ મહાસચિવ તથા પાર્ટીના સંચાર વિભાગના પ્રમુખ અજય માકને અત્રે જણાવ્યું કે સોનિયાએ પણ સાંસદો સાથે સ્થાનિય ભંડોળમાંથી દસ-દસ લાખ રૂપિયા આપવા પણ જણાવ્યું છે. તેમણે જણાવ્યું કે કોંગ્રેસ સચિવ સંજય કપૂરને દેહરાદૂન મોકલવામાં આવ્યો છે. તે કોંગ્રેસ સેવાસદનના પ્રમુખની સાથે મળીને વિભિન્ન સ્થાનોથી ઉત્તરાખંડમાંથી પૂરપીડિતો માટે આવનાર રાહત સામગ્રી અને એકત્રીકરણ તથા વિતરણનું કાર્ય સોંપવામાં આવશે. માકને જણાવ્યું કે ઉત્તરાંખડ પ્રદેશ કોંગ્રેસના મુખ્ય કાર્યાલયમાં એક નિયંત્રણ કક્ષ બનાવવામાં આવ્યો છે. જ્યાંથી કૂદરતી રાહત અભિયાનમાં પાર્ટીના પ્રયાસોનું સમન્વયન તથા નિયંત્રણ કરવામાં આવશે. માકને જણાવ્યું કે બધા જ રાજ્યો કોંગ્રેસ સમિતિને ઉત્તરાખંડ માટે વધુમાં વધું રાહત પેકેજ સામગ્રી મોકવાનું કહેવામાં આવ્યું છે.

Printed, Published and Owned by Shri Narendra Joshi and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380063. Editor- Mr. NARENDRA JOSHI. PH :-079- 27451449, (M) 9825065387

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય : તા.૧૫-૦૬-૧૩ થી ૨૨-૦૬-૧૩

## મેષ (અ,લ,ઇ)

આ સપ્તાહ આપના માટે થોડુ કસોટી લેનાર નિવડી રહે આથી આ ગાળા દરમિયાન ધીરજ રાખીને કામ કરવાથી વધારે નુકસાનીથી બચી શકાશે.આવક વધવાની સાથોસાથ ખર્ચમાં પણ વધારો થાય જો કે ખર્ચ પર કાબુ રાખવો રહ્યો.વ્યાપાર અને વ્યવસાયમાં લાભનાં યોગ.આરોગ્ય માટે અનુકુળ સમય તો અચાનક ફાયદો થવાનાં પણ સમાચાર મળી રહે.સપ્તાહ દરમિયાન કોઇ પણ કાર્ય યોગ્ય રીતે પાર ન પડતું હોવાનું જણાય ત્યારે દાન પુણ્ય કરીને આ મુશ્કેલીઓમાંથી દુર થવાનો પ્રયાસ કરશો તો સફળતા મળીરહેશે.નોકરિયાતોને આ સપ્તાહ દરમિયાન કોઇ શુભ સમાચાર મળી રહે.સપ્તાહના અંતિમ દિવસોમાં સ્થિતિ તમારા અનુકુળ બની રહેશે.આપની લવ લાઇફ આ દિવસો દરમિયાન સામાન્ય રહેશે.જીવનસાથીનો સહયોગ પ્રાપ્ત થશે.નોકરિયાતો માટે લાભદાયક સપ્તાહ જોકે વ્યવસાયિઓ માટે ખાસ કંઇ નથી પણ લાભ જરૂર રહે.સપ્તાહ દરમિયાન વિદ્યાર્થીઓને રાહતનો અનુભવ થાય અને તેમને તેમની મહેનતના સારા ફળથી આનંદ થાય

## વૃષભ (બ.વ.ઉ.)

આ સપ્તાહ દરમિયાન ગ્રહોની સ્થિતિ સાનુકુળ રહેવાને કારણે સમય શુભ રહેશે આપને આપની મહેનતનું ફળ મળી રહે.આ સમયગાળામાંતમે જે પણકાર્ય શરુ કરશો તેને સફળતા મળશે.કેટલાક એવા નિર્ણયો કરવાના આવે છે દુરગામી પરિણામ લાવનાર બની રહે આથી સમજી વિચારીને પગલા ભરવા.કામકાજમાં પદોન્નતિનાં યોગ છે.વિરોધીઓથી આ સપ્તાહ દરમિયાન સાચવવું રહ્યું.પારિવારિક જીવન સામાન્ય રહેશે પણ વ્યવસાયિક ક્ષેત્રમાં જાળવીને કાર્ય કરવાથી મોટી નુકસાનીથી બચી શકાય. વિદ્યાર્થી મિત્રો માટે આશાસ્પદ સમય. જો કે આરોગ્ય ખરાબ રહે. થાક આળસ જેવું લાગ્યા કરે. કેટલાક કાર્યોમાં સમાધાનો કરવા પડે.કેટલાક કારણોને કારણે માનસિક વ્યગ્રતામાં વધારો થવાને કારણે કકળાટ અને વિવાદ થાય. માથામાં, ગળામાં, કમરમાં દુઃખાવો રહે.વ્યસાયીઓ માટે કામની તાણ અને વિદ્યાર્થીઓ માટે અભ્યાસની ચિંતાને કારણે ઉજાગરા થતા માનસિક પરિતાપ વધતો જણાય, ઘરપરિવારનાં વિવાદોનેકારણે પણ મન પર ભાર વધતો જણાય, ઘર કુટુંબનાં મુશ્કેલી લાવનાર બની રહે.

## મિથુન (ક.છ.ઘ.)

આ સપ્તાહ આ રાશિનાં જાતકો માટે ઉન્નતિ અને ધનલાભનાં યોગ ધરાવે છે.માન સન્માન અને પ્રતિષ્ઠામાં વધારો થશે જો કે આ દરમિયાન આરોગ્યના મામલે સાચવવાનું રહેશે તમારા શત્રુઓ પર તમે વિજય મેળવી શકો તેમ છો.શેરબજારમાં સફળતા અને વ્યવસાયમાં પણ સફળ રહેવાનાં યોગ છે.દરમિયાન કોઇપણ નવુંકાર્ય કરવાનો વિચાર કરતા હોતો તેનો અમલ કરશો જોકે આર્થિક મામલાઓમાં ખાસ સંભાળવું આ સપ્તાહમાં ધનલાભનો યોગ છે.આ સપ્તાહ દરમિયાન આપના પ્રેમીજન સાથે સંબંધ મજબુત થાય અને સપ્તાહ સુખમય પસાર થાય. વ્યાપાર અને પ્રોફેશ્નલ લાઇફ પણ ઉત્તમ રહે સપ્તાહ દરમિયાન પત્ની અને સંતાનના ખર્ચમાં વધારો થાય. અનિચ્છા હોવા છતાં બહાર જવું પડે. વિવાહ-લગ્નના નિર્ણયમાં મુશ્કેલીનો અનુભવ. ધીરજ રાખીને કામ કરવાથી સફળતા મળે.જો કે ગ્રહોની સ્થિતિને કારણે કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડે પણ તેમ છતા બધું સમુસુતરુ થઇ રહેશે.

## કર્ક (ડ.હ.)

આ સપ્તાહ દરમિયાન કેરિયરમાં પરિવર્તનનાં સંકેત.આ સપ્તાહ દરમિયાન અતિ ઉત્સાહથી બચવું અને જીવનસાથીની વાત પર ધ્યાન આપવું.સપ્તાહ દરમિયાન આપના હૃદય-મનની વ્યગ્રતા ચિંતામાં ઘટાડો થાય. પણ આરોગ્યને કારણે ચિંતા અને ઉચાટ પણ રહે.પણ તમારી વાણીમાં મીઠાશ અને વ્યવહારમાં નમ્રતા રાખીને તમારા અને સંબંધીઓના કામમાં ઉકેલ લાવવામાં સાનુકૂળતા જણાય. જો કે વાણીની કર્કશતા સંબંધોમાં વિવાદ મનદુઃખ કરાવે. કોઇપણ ઉતાવળિયા નિર્ણય મુસીબતનું કારણ બની શકે. ઘરના કામમાં ધ્યાન આપી શકો. આ સપ્તાહ દરમિયાન રોજ બરોજના કાર્યો પુર્ણ કરવા માટે દ્રઢતાથી આગળ વધવું રહ્યું.સાત દિવસ દરમિયાન લગ્નજીવનમાં થોડા તડકા છાંયડી જેવુ ચાલ્યા કરે પણ તેનાથી વ્યગ્ર થશો નહી સપ્તાહ પુરુ થતા સુધીમાં તે સમસ્યાનો ઉકેલ મળી રહેશે.જીવનસાથીના આરોગ્યની ખાસ કાળજી રાખશો. આ ગાળા દરમિયાન ધીરજ રાખવી રહી.

## સિંહ (મ.ટ.)

આ સપ્તાહ દરમિયાન તમારે એક એક કામ બહુ શાંતિપુર્વક અને ધૈર્યથી કરવા રહ્યાં જો કોઇ કાર્ય ખાસ કરીને આર્થિક કાર્ય ઉતાવળે કરવા જશો તો તેનું પરિણામ વિપરિત આવી શકે છે ખાસ કરીને શેર બજારમાં રોકાણ કરતા પહેલા વિચાર કરવો રહ્યો.આ રાશિના જાતકો માટે સપ્તાહ ધીરજના ફળ મીઠા વાળું બની રહેવાની શકયતા કોઇપણ કાર્ય ઉતાવળે કરવા જતા નુકસાન થવાનો યોગ. આ સપ્તાહ દરમિયાન સારા સમાચાર મળશે પણ કોઇપણ ઉતાવળિયા નિર્ણય મુસીબતનું કારણ બની શકે.આ સપ્તાહ દરમિયાન તમે તમારા શત્રુઓ પર વિજય મેળવી શકશો.આ સપ્તાહ દરમિયાન તમારી તમામ ચિંતાઓનો નિવેડો આવી શકે છે.પણ સપ્તાહ દરમિયાન અચાનક ઇજા પહોચવાનો ખતરો.આ સપ્તાહ દરમિયાન શેરોની લે-વેચ,સોના-ચાંદીના વેપાર તમને લાભની શક્યતા છે આથી સમજદારીથી આ રોકાણ કરશો તો તેનો સારો ફાયદો મળવાની શક્યતા.

## કન્યા (પ.ઠ.ણ.)

આ રાશિના જાતકો માટે આ સપ્તાહ અનેક રીતે યોગ્ય બની રહે.તમારા દરેક નિર્ણય આપના માટે લાભદાયક બની રહેવાની શકયતા.સપ્તાહનો આરંભ જોકે સમસ્યાઓ સાથે થશે.પણ સપ્તાહ દરમિયાન પરિવાર જનોનો સહયોગ મળતો રહેવાને કારણે આનંદનો અનુભવ થાય.સપ્તાહનાં આરંભે નફાના યોગ છે પણ કેટલાક નિર્ણયો વિચારીને કરવા ખાસ કરીને વિશ્વાસપાત્ર વ્યક્તિઓ ને કારણે નુકસનાનનો યોગ.આ સપ્તાહ દરમિયાન કોઇપણકાર્ય ભાવુકતાથી ન કરશો તમારા આત્માનો અવાજ જે કહે તે રીતે જ અનુસરશો તો સફળતાના યોગ છેઅન્યથા નુકસાન,સંતાનના કારણે આપના હૃદય-મનની વ્યગ્રતા, ચિંતા વધવાનાં યોગ. અચાનક ધનલાભનાં યોગ.માનસિક તણાવમાં રહો. મસ્તક, ગળા, કમર, પેટની તકલીફથી સંભાળવું. સાંસારિક જીવનમાં પત્નીને કારણે ઉશ્કેરાટ, ગુસ્સાનો અનુભવ થાય પણ જીવનસાથીની સાથે બહુ નરમાશથી વર્તન રાખજો નહીતર ઉલમાંથી ચુલમાં પડવા જેવું થશે. આ સપ્તાહ દરમિયાન તમારા ગ્રહોની સ્થિતિનેકારણે આ બધી સ્થિતીઓ ઉદ્ભવે પણ શાંતિ જાળવી રાખવી.તો જ કાર્યો યોગ્ય રીતે થશે.

## તુલા (ર.ત.)

સપ્તાહ દરમિયાન આપના દ્વારા કરાયેલ મહેનતનું પરિણામ આવતું જણાય અને તમારા જે કાર્યો રોકાયેલા હશે તે પુરા થતા જણાશે. સપ્તાહ દરમિયાન વચ્ચેના દિવસોમાં અચાનક ધન લાભ થવા પામે.તમારા ઉપરી અધિકારીઓ પણ તમારા કામની પ્રશંસા કરી તમને બઢતી આપે તેવી શક્યતા.સપ્તાહ દરમિયાન માન સમ્માન અને સંપત્તિ તથા નાણામાં વધારો થાય.આ સાત દિવસ દરમિયાન તમારા શત્રુઓ તમારા પર વિજય મેળવી શકે તેથી સાવધાની રાખવી ઘટે.પત્નીના સ્વભાવ કે બિમારીને કારણે કે બહાર ગામ જવાના કારણે રોજીંદા કાર્યોમાં અવરોધોનો અનુભવ થાય.પત્નીનાં સગાવહાલાઓ સાથે કોઇ વાતે વાદ વિવાદ થતા મન ઉચાટમાં રહે પણ વાણીને મધુર રાખીને તમે આ મુશ્કેલીમાંથી બહાર આવી શકો. આ સપ્તાહ દરમિયાન તમારા સંપર્કો મજબુત થવાની શક્યતા.આ સપ્તાહ દરમિયાન શેરબજારમાં રોકાણ લાભદાયી નિવડવાની શક્યતા.અકસ્માત થઇ શકે છે આથી સાવધાની રાખવી ઘટે.

## વૃશ્ચિક (ન.ય.)

આ સપ્તાહના આરંભના દિવસોમાં પરિવર્તનનો યોગ છે તમને તમારા અંગત અને વ્યવસાયિક સંબંધોમાં પણ જણાય.આ રાશિના જાતકો માટે યોગ સારા છે પણ કેટલીક જુની બાબતો જે ભુતકાળમાં બની હોય તે મુશ્કેલ બની રહે આથી આ બાબતોનો વહેલી તકે નિવેડો લાવવો રહ્યો.મિત્રો તમને અજાણપણે નુકસાનકારક સાબિ થઇ શકે છે.આર્થિક રીતે ઉતાર ચઢાવવાળો સમયગાળો રહે.સપ્તાહ દરમિયાન તમારે તમારા આરોગ્યનું ધ્યાન રાખવુ પડે.આરોગ્યની કેટલીક સમસ્યાઓ ખર્ચાઓ વધારનાર બની રહેવાના યોગ. વચગાળામાં લાભનાં યોગ.ખાવા પીવામાં ધ્યાન નહીં રાખવાથી બિમારીમાં સપડાઇ જવાના યોગ. સિઝનલ બિમારી, વાયરસ ઇન્ફેક્શનની ઝપટમાં આવી જવાય બિમાર હોય તે વ્યક્તિઓએ તો ખાસ સંભાળવું. નોકરી-ધંધાના કાર્યમા વ્યસતતા રહે. ધીરજથી કરેલ કાર્યમાં આવક થાય બહુ મોટુ રોકાણ કરવાને બદલે નાના રોકાણ પર ધ્યાન લગાવો જે મોટા ફાયદા આપનાર બની રહેશે.શેરબજારમાં તો લાંબાગાળાનો વિચાર કરીને જ રોકાણકરવાની સલાહ છે અન્યથા ભારે નુકસાન થવાની વકી.

## ધન (ભ.ધ.ફ.ઢ)

આ રાશિના જાતકો માટે સપ્તાહ મિશ્ર રહેવા પામે ક્યાંક લાભ તો ક્યાંક નુકસાન થાય પણ સપ્તાહનાં અંત સુધી પરિસ્થિતિ તમારી અનુકુળ થઇ રહે આથી સપ્તાહ દરમિયાન તમારા કાર્ય પર ધ્યાન આપો અને વિચારીને પગલા ભરશો તો નુકસાન ઓછું થશે.આ સપ્તાહ દરમિયાન તડકા છાંયડીનો ખેલ ચાલતો રહે ક્યારેક સમય બહુ સારુ હોવાનો લાગે તો બીજા દિવસે જાણે કે પનોતી બેઠી હોય તેવું લાગે પણ આ સપ્તાહ દરમિયાન તમે યોગ્ય રીતે કાર્ય કરશો તો તમને નુકસાન નહી થાય અને જો વધારે લાભ મેળવવાનાં ચક્કરમાં ભારે આર્થિક વ્યવહાર કરશો તો નુકસાન થવાની વકી છે આથી વિચારીને કાર્ય કરશો.કોઇપણ કાર્ય જો ઉતાવળે કરાશે તો નુકસાનની વકી છે જો કે આ સપ્તાહનાં અંત સુધીમાં તમામ પરિસ્થિતિમાં સુધારો આવતો વર્તાય અને બધી વસ્તુઓ તમારા કાબુમાં રહેતી હોવાનું લાગે પણ અતિ ઉત્સાહ અને કોઇના પર પણ આંધળો ભરોસો કરતા ધ્યાન રાખશો તેનાથી ભારે નુકસાન થવાની વકી.

## મકર (ખ.જ.)

આ સમયગાળાદરમિયાન આપના ગ્રહોની સ્થિતિ અનુકુળ હોવાને કારણે તમને વેપારનાં ક્ષેત્રમાં લાભદાયક અવસર મળી રહેવાના અને અચાનક ધનલાભનાં યોગ પરંતુ દરેક કાર્ય ભાગ્યના બળે કરવાનો પ્રયાસ કરશો નહી.સપ્તાહ દરમિયાન મિત્રોનો પુરો સાથ સહકાર મળી રહે અને રોકાણ માટે શુભ સમય હોવાને કારણે સમજી વિચારીને રોકાણ કરશો. શેર બજાર સાથે જોડાયેલા લોકો માટે આ સપ્તાહ શુભ બનીરહેવાનાં યોગ.ખર્ચમાં વધારો થાય. સપ્તાહ દરમિયાન યાત્રાનો યોગ.સપ્તાહના અંતિમ દિવસોમાં આરોગ્યની કાળજી રાખવી રહી નહીતર આરોગ્ય લથડવાના પુરા યોગ છે.અચાનક યાત્રાના યોગ છે જ્યા નવા લોકોની સાથેની મુલાકાત લાભદાયક બની રહે.સંપર્કો મજબુત રહેવાનેકારણે ધન લાભના યોગ છે.પુત્ર-પૌત્રાદિથી આનંદ રહે. નિકટના સ્વજન,સ્નેહી, મિત્ર વર્ગને મળવાનું થાય. પરંતુ ખાવા પીવામાં, હરવા ફરવામાં, વાહન ચલાવવામાં સંભાળવું, ધર્મ કાર્ય, શુભ કાર્ય થાય. નોકરી-ધંધાના કામમાં પ્રગિત જણાય. વિલંબમાં પડેલા કામ ઉકેલાય. સીઝનલ ધંધાઓ મળી રહે. આવક થાય. જોકે દામ્પત્ય જીવન થોડી ઉંચ નીચ રહેવાના યોગ.

## કુંભ (ગ.શ.સ.ષ.)

આ સપ્તાહ દરમિયાન તમારા કેટલાક ગ્રહ યોગના કારણે તમને સફળતા નિષ્ફળતાનો અનુભવ થાય અને એકંદરે કભી ખુશી કભી ગમ જેવું લાગ્યા કરે તમારા કેટલાક નિર્ણયોને કારણે તમને લાભની પણ શકયતા છે આ અઠવાડિયા દરમિયાન કોઇકાર્યના સારાસારનો વિચાર કરીને જ કામ કરશો તો હાનિ ઓછી થશે અન્યથા કેટલાક કાર્યો તમારા માટે ખાસ્સા નુકસાનકારક પણ સાબિત થઇ સકે છે.સપ્તાહના અંતિમ દિવસોમાં તમારા દ્વારા જે નિર્ણય લેવાશે તે તમારા માટે ફાયદાકારક સાબિત થઇ શકે તેમ છે. લવ લાઇફ પર ગ્રહોની અસર જોવા મળે તો પ્રોફેશ્નલ લાઇફમાં થોડી મુશ્કેલીઓનો અનુભવ થાય. નિકટના સ્વજન,સ્નેહી, મિત્ર વર્ગને મળવાનું થાય. પરંતુ ખાવા પીવામાં, હરવા ફરવામાં, વાહન ચલાવવામાં સંભાળવું,તમે અન્યને તેના કામમાં મદદરૂપ થઇ શકો. રોકાણમાં વિચારીને પગલા ભરવા.

## મીન (દ.ચ.ઝ.થ.)

આ સપ્તાહ દરમિયાન તમારા માટે જે ગ્રહોના યોગ છે તે લાભકારક છે જો કે આવનારા દિવસોમાં ઉતાર ચઢાવનો અનુભવ રહે અને તમને ક્યારેક લાભ તો ક્યારેક નુકસાન જેવું લાગ્યા કરે. જોકે આ સપ્તાહ દરમિયાન એવા કેટલાક યોગ ઉભા થશે જેનો તમને લાંબે ગાળે લાભ થઇ શકે છે.આ સમગ્ર ગાળા દરમિયાન જો તમે કેટલીક ધીરજ રાખીને કામ કરશો તે તે ફાયદેમંદ સાબિત થઇ શકે છે એકંદરે સપ્તાહ તમારુ આનંદમાં પસાર થઇ શકે છે અને આ ગાળા દરમિયાન ઘરમાં અથિતિઓને આવવાને કારણે ઘરનું વાતાવરણ સુખમય રહે.જોકે આ ગાળા દરમિયાન જીવનસાથી તરફથી તમને સંપુર્ણ સહકાર મળશે અને દાંપત્ય જીવન સુખમય રહેશે.સપ્તાહ દરમિયાન રોકાણના મામલે સાવધ નહી રહો નાણાંકીય રીતે નુકસાન થવાની શકયતા છે. વિદ્યાર્થીઓ માટે સામાન્ય સપ્તાહ જો કે આ ગાળા દરમિયાન તેમણે પોતાની રીતે કેટલાક નિર્ણય લેવાના રહેશે અને અન્ય કોઇની દોરવણીથી ચાલવામાં નુકસાન થવાની વકી આથી જાતે જ નિર્ણય લેવો

# આઇડિયાએ ડેટા ચાર્જિસમાં ૯૦ ટકા સુધીનો ઘટાડો કર્યો

### આઇડિયા સેલ્યુલરે તામિલનાડુ અને ચેન્નઇ, કર્ણાટક, કોલકાતા, પશ્ચિમ બંગાળ, અસમ, ઉત્તર-પૂર્વ બિહાર અને ઓરિસ્સાના આઠ સર્કલ્સમાં તેના પ્રિપેઇડ અને પોસ્ટ પેઇડ ગ્રાહકો માટે ડેટા ચાર્જિસમાં સુધારો કર્યો

**નવી દિલ્હી, તા. ૨૧**

વોડાફોન ઇન્ડિયા અને ભારતી એરટેલે ૨જી ડેટા ચાર્જિસમાં ૮૦ ટકાથી વધુનો ઘટાડો કર્યાના ગણતરીના દિવસોમાં દેશમાં ગ્રાહકોની દૃષ્ટિએ ચોથી સૌથી મોટી મોબાઇલ ફોન કંપની આઇડિયા સેલ્યુલરે યુસેજ ડેટા ચાર્જિસમાં ૯૦ ટકા સુધીના ઘટાડો કર્યો હતો, જેના પગલે ડેટા ચાર્જિસના દરમાં નવી લડાઇ છેડાઇ ગઇ છે.

આઇડિયા સેલ્યુલરે તામિલનાડુ અને ચેન્નઇ, કર્ણાટક, કોલકાતા, પશ્ચિમ બંગાળ, અસમ, ઉત્તર-પૂર્વ બિહાર અને ઓરિસ્સાના આઠ સર્કલ્સમાં તેના પ્રિપેઇડ અને પોસ્ટ પેઇડ ગ્રાહકો માટે ડેટા ચાર્જિસમાં સુધારો કર્યો હતો.

હવે પહેલી જુલાઇથી ત્રણ મહિના માટે ગ્રાહકોને ૧૦ કેબી ડેટાના ઉપયોગ બદલ ફક્ત ૨ પૈસા ચૂકવવા પડશે જ્યારે અગાઉ કેબી ડેટા દીઠ ૨ પૈસા ચૂકવવા પડતા હતાં.

ચાલુ અઠવાડિયાની શરૂઆતમાં ભારતી એરટેલે નવ સર્કલ્સ યુપી પૂર્વ, હરિયાણા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કેરળ, ગુજરાત, કોલકાતા, પંજાબ અને ઓરિસ્સા એમ નવ સર્કલ્સમાં ૨જી ડેટા ચાર્જિસમાં ૯૦ ટકા સુધીનો ઘટાડો કર્યો હતો અને ૧૦ કેબી ડેટા યુસેજના ચાર્જિસ ૧૦ પૈસાથી ઘટાડીને ૧ પૈસા કરી નાખ્યા હતાં.

આ ફેરફારો રૂા. ૨૨, રૂા. ૨૫ અને રૂા. ૧૨૫ના રિચાર્જ વાઉચર્સનો ઉપયોગ કરતાં પ્રિપેઇડ ગ્રાહકો માટે લાગુ પડ્યા છે, જે ત્રણ મહિના માટે માન્ય રહેશે.

વોડાફોન ઇન્ડિયાએ કર્ણાટક, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં ડેટા ચાર્જિસમાં ૮૦ ટકા સુધીનો ઘટાડો કર્યો હતો અને કેબી દીઠ ડેટા ચાર્જિસ ૧૦ પૈસાથી ઘટાડીને ૨ પૈસા કરી નાખ્યા હતાં.

જોકે દરેક ટેલિકોમ કંપનીઓ આ ઓફર પે-એસ-યુ-ગો ધોરણે જ કરી રહી છે એટલે યુઝર્સ તેની ફ્રી ડેટા યુસેજ લિમિટ પૂર્ણ કરે પછી જ આ ઓફરનો લાભ મળી શકે છે.

ડેટા ચાર્જિસમાં મોટા ઘટાડાથી ગ્રાહકો થોડો જ ફાયદો લઇ શકે છે, કારણ કે મોટા ભાગના ગ્રાહકો તેમની ફ્રી ડેટા લિમિટ્સનો ઉપયોગ કરતાં નથી.

ટેલિકોમ કન્સલ્ટન્સી કંપની દુઆ કન્સલ્ટિંગના સિનિયર પ્રિન્સિપલ બી.કે. સિંગલે કહ્યું હતું કે, ડેટા ચાર્જિસમાં ઘટાડાનો ફાયદો મધ્યમથી લાંબા ગાળે જ થશે કારણ કે તેઓ સૌ પ્રથમ તેમની લિમિટ પૂર્ણ કરવાનું શરૂ કરશે અને પછી આ ઓફરનો લાભ પ્રાપ્ત કરશે.

# સોનામાં ૩૦ વર્ષનો સૌથી મોટો કડાકો : ૧૦ ગ્રામે વધુ ૩૦૦ તૂટ્યા

### ૧૦ ગ્રામ સોનાનો ભાવ રૂા. ૨૭,૪૦૦ નોંધાયો : ચાંદીમાં પણ ૭૦૦નુ ગાબડું પડતા કિલોના ભાવ ૪૧૫૦૦ નોંધાયા

**અમદાવાદ, તા. ૨૧**

સોના-ચાંદીમાં આજે પણ મંદીનો દોર યથાવત રહ્યો હતો. બન્ને કિંમતી ધાતુમાં આજે પણ વધુ ભાવ ઘટાડો થયો હતો. ૧૨૯૫ ડોલર સાથે ૧૦ ગ્રામ સોનાનો ભાવ રૂા. ૨૭,૪૦૦નો નોંધાયો હતો.

ગઇકાલે ૧૦ ગ્રામ સોનાના ભાવ રૂા. ૨૭,૭૦૦નો રહ્યો હતો. આજે ૧૦ ગ્રામે રૂા. ૩૦૦નું ગાબડું નોંધાયું હતું અને બિસ્કિટે રૂા. ૩૦૦૦નો ઘટાડો થયો છે.

ચાંદીની કિંમતમાં પણ મંદી જોવા મળી હતી. ૧૯૭૯ સેન્ટ સાથે એક કિલો ચાંદીનો ભાવ રૂા. ૪૧,૫૦૦ નોંધાયો હતો. ગઇકાલે એક કિલો ચાંદીનો ભાવ રૂા. ૪૨,૨૦૦નો રહ્યો હતો. આજે એક કિલો ચાંદીએ રૂા. ૭૦૦નું ગાબડું નોંધાયું હતું. બન્ને કિમતી ધાતુમાં સતત મંદી યથાવત રહેવા પામી છે.

છેલ્લા ૩૦ વર્ષનો સૌથી મોટો કડાકો જોવા મળી રહ્યો છે. દસ ગ્રામે વધુ રૂા. ૩૦૦ અને ચાંદીમાં કિલોએ આજે વધુ રૂા. ૭૦૦ નીકળી ગયા હતાં.



એમસીએક્સમાં સોનાનો ભાવ રૂા. ૨૬૭૯૬ અને હાજરમાં રૂા. ૨૭૪૦૦નો નોંધાયો હતો જ્યારે એમસીએક્સમાં ચાંદીનો ભાવ રૂા. ૪૦૮૭૫ અને હાજરમાં રૂા. ૪૧૫૦૦નો રહ્યો હતો.

આગામી દિવસોમાં પણ બન્ને કિમતી ધાતુમાં મંદીનો દર યથાવત રહેશે તેવો સૂર નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યાં છે.

અમેરિકન ફેડરલ રિઝર્વ ક્યુઇ-૩ પેકેજ પાછુ ખેંચી લેવાની વાત કરતાં બુલિયન માર્કેટમાં કચ્ચરઘાણ વળી ગયો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાનો ભાવ ત્રણ વર્ષની નીચલી સપાટીએ પહોંચી ગયા હતાં. બુલિયન બજાર માટે છેલ્લા ૩૦ વર્ષનો આ સપ્તાહ સૌથી ખરાબ સાબિત થઇ રહ્યો છે જેનું મુખ્ય કારણ ફેડ છે.

આંતરરાષ્ટ્રીય વાયદા બજારમાં સોનાના ભાવ આ સપ્તાહમાં ૯ ટકાના ઘટાડા સાથે પાંચમી સેશનમાં સતત તૂટ્યા છે.

કોમેક્સ કોલ્ડ ફ્યુચર એક ટકા તૂટ્યું જે ત્રણ વર્ષમાં સૌથી નીચલી સપાટીએ હતી જ્યારે સ્થાનિક વાયદા બજારમાં એટલે કે, એમસીએક્સ ખાતે સોનું ગઇકાલે ૧૧૭૩ રૂપિયા એટલે કે ૪૦.૧૯ ટકા તૂટીને ૨૬૭૯૬ રૂપિયા થઇ ગયું હતું અને ચાંદી ૬.૨૧ ટકા એટલે કે ૨૭૨૯ રૂપિયા તૂટીને ૪૧૧૨૫ રૂપિયા થઇ ગઇ હતી.

# સાંકડી વધઘટ બાદ સેન્સેક્સ ગ્રીન ઝોનમાં બંધ

### ઐતિહાસિક ઘટાડા બાદ બજાર વધારા સાથે બંધ થયા : સેન્સેક્સમાં ૫૫ અને નિફ્ટીમાં ૧૨ પોઇન્ટનો સામાન્ય વધારો : મિડકેપ શેરોમાં સામાન્ય વધારો

**મુંબઇ, તા. ૨૧**

મુંબઇ શેરબજાર આજે સાંકડી વધઘટ બાદ ગ્રીન ઝોનમાં બંધ રહ્યું હતું. દિવસ દરમ્યાન બીએસઇ સેન્સેક્સ ઉપરમાં ૧૮૮૨૦.૮૧ અને નીચામાં ૧૮૬૨૫.૧૪ પોઇન્ટની રેન્જમાં અથડાયા બાદ ૫૪.૯૫ પોઇન્ટ વધીને ૧૮૭૭૪.૨૪ પોઇન્ટની સપાટીએ બંધ રહ્યો હતો.

નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૫૬૮૬.૧૫ અને ૫૬૧૬.૮૫ પોઇન્ટની રેન્જમાં અથડાયા બાદ ૧૧.૭૫ પોઇન્ટ વધીને ૫૬૬૭.૬૫ પોઇન્ટની સપાટીએ બંધ રહ્યો હતો.

બીએસઇ મિડકેપ અને બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ અનુક્રમે ૧.૨૦ ટકા અને ૦.૩૧ ટકા ઘટીને બંધ રહ્યા હતાં.

કારોબારી સપ્તાહના અંતિમ દિવસે આજે પણ બજારમાં ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો. એશિયાના બજારોમાં ઘટાડાના કારણે ઘરેલુ બજાર નબળાઇ સાથે ખૂલ્યા. શરૂઆતના કારોબારમાં સેન્સેક્સ ૧૦૦ પોઇન્ટ તૂટ્યો હતો. નિફ્ટી પણ ૫૬૫૦ની નીચે પહોંચી ગયો. જોકે રૂપિયામાં રિકવરી આવવાથી તથા એશિયાના બજારો પાટા પર આવતા સ્થાનિક બજારોનો મૂડ સુધર્યો હતો. સેન્સેક્સ નિફ્ટી લાલ નિશાનમાં પરત ફર્યા. મિડકેપ શેરોમાં સામાન્ય સરસાઇ જોવા મળી.આજે અન્ય સેક્ટોરલ ઇન્ડાઇસિસમાં બીએસઇ આઇટી ઇન્ડેક્સ ૧.૩૨ ટકા, બીએસઇ ટેકનો ઇન્ડેક્સ ૧.૧૬ ટકા અને બીએસઇ ઓટો ઇન્ડેક્સ ૦.૨૯ ટકા વધ્યા હતાં જ્યારે બીએસઇ રિયલ્ટી ઇન્ડેક્સ ૦.૯૦ ટકા, બીએસઇ મેટલ ઇન્ડેક્સ ૦.૮૯ ટકા અને બીએસઇ બેન્કેક્સ ૦.૪૨ ટકા ઘટ્યા હતાં.

યુરોપીય બજારોની મજબૂતી પર ખૂલવા અને સારા સમાચારોને કારણે સ્થાનિક બજારોમાં સ્થાનિક બજારોમાં જોશ દેખાડ્યો. સેન્સેક્સ ૧૦૦ પોઇન્ટ વધ્યો અને નિફ્ટી ૫૭૦૦ તરફ વધતો જોવા મળ્યો. બપોર પછી એકવાર ફરી બજાર પર વેચવાલીનું દબાણ ઘટ્યું અને સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાનમાં સરકી ગયા. મિડકેપ શેર તૂટ્યા. પરંતુ અંતિમ કારોબારમાં બજારમાં જોશ જોવા મળ્યો અને બજાર વધારા સાથે બંધ થયા.

# ભારત યાત્રા દરમ્યાન ઓસ્ટ્રેલિયન નાગરિકો સાવચેત રહે : ઓસ્ટ્રેલિયા

### ઓસ્ટ્રેલિયાએ ઉત્તરાખંડમાં ખરાબ હવામાનને ધ્યાનમાં રાખતા પોતાના નાગરિકોને સૂચના માટે મીડિયા પર દૃષ્ટિ રાખવા અને સ્થાનિક અધિકારીઓની સલાહનું અનુસરણ કરવાનું કહ્યું છે

**સિડની, તા. ૨૧**

ઓસ્ટ્રેલિયાએ ઉત્તરાખંડમાં ખરાબ હવામાનને ધ્યાનમાં રાખતા ભારત માટે યાત્રા પરામર્શને અદ્યતન (અપડેટ) કરતા પોતાના નાગરિકોને સૂચના માટે મીડિયા પર દૃષ્ટિ રાખવા અને સ્થાનિક અધિકારીઓની સલાહનું અનુસરણ કરવાનું કહ્યું છે. વિદેશ બાબતો અને વેપાર વિભાગ (ડી.એફ.એ.ટી)એ સલાહ આપતા મંગળવારે જણાવ્યું હતું કે, 'ઉત્તર કાશી અને ગંગોત્રીમાં ભૂસ્ખલનનો અહેવાલ મળ્યો છે. જો તમે પ્રભાવિત વિસ્તારમાં છો તો પોતાના બચાવ માટે મીડિયાની સૂચના ધ્યાન કેન્દ્રીત કરો અને સ્થાનિક અધિકારીઓની સલાહનું અનુસરણ કરો.'

તેમાં કહેવામાં આવ્યું છે કે જૂનથી ઓકટબર સુધી વાર્ષિક વરસાદને લીધે ઉત્તરપ્રદેશ, બિહાર, આંધ્રપ્રદેશ અને કર્ણાટકમાં ભયાનક પૂર આવવાની સંભાવના છે. અથવા તો ભૂસ્ખલન પણ થઈ શકે છે. સલાહમાં જણાવવામાં આવ્યું છે કે, 'અગાઉ પણ પૂરે લાખો લોકોને પ્રભાવિત કર્યા છે. જેથી કેટલાક લોકો મૃત્યુ પામ્યા છે.

આ સમય દરમ્યાન પાણી અને અનાજના જથ્થામાં પણ ઘટાડો થઈ શકે છે. પૂરનું પાણી ઓછું થઈ ગયા બાદ પણ જળ સંક્રમણથી ઉત્પન્ન થનારા રોગોનું જોખમ ઉભું થઈ શકે છે. પરિવહન માળખું પણ અસ્તવ્યસ્ત થઈ શકે છે. ઓસ્ટ્રેલિયાએ અપાયેલ સલાહમાં જણાવ્યું હતું કે, 'જો તમે ચોમાસામાં પ્રવાસ કરી રહ્યા છો તો તમારા ટુર ઓપરેટરથી એ જાણકારી મેળવવા માટે સંપર્ક કરો કે જ્યાં તમે જઈ રહ્યા છો ત્યાં પર્યટન સેવાઓ તો ઠપ નથી પડીને 'સ્માર્ટ ટ્રાવેલર વેબસાઈટ પર પરામર્શમાં કહેવામાં આવ્યું છે કે અમે આતંકવાદ નાગરિકો વચ્ચે અશાંતી, અપરાધ અને દુર્ઘટનાઓના જોખમને ધ્યાનમાં રાખતા ઓસ્ટ્રેલિયાના લોકોને ભારતમાં સાવધાની વર્તવાની સલાહ આપીએ છીએ' સલાહમાં પહેલાની જેમ પર્યટકોથી જમ્મુ-કાશ્મીરના લદ્દાખમાં સાવધાની રાખવા અને સતત સશસ્ત્ર સંઘર્ષ, આતંકવાદી ગતિવિધિઓ તેમજ હિંસાત્મક પ્રદર્શન મુદ્દે જમ્મુ કાશ્મીર તેમજ શ્રીનગરમાં યાત્રા કરવાની પોતાની યોજના પર પુનઃ વિચારણા કરવાનું કહેવામાં આવ્યું છે.

# રથયાત્રા રૂટને હેરીટેજ બનાવવાનાં કોઈ પ્રયત્ન હાથ ધરાયો નથી

### આ અંગે મ્યુનિસિપલ કમિશનરને પણ રજુઆત કરવામાં આવી પરંતુ કોઈ યોગ્ય પ્રતિસાદ સાંપડયો નથી

**અમદાવાદ, તા. ૨૧**

અમદાવાદ શહેરના તત્કાલિન મેયર અનિસા બેગમ મિરઝાએ વર્ષ ૨૦૦૫માં રથયાત્રાના પરંપરાગત માર્ગને હેરિટેજ રુટ તરીકે જાહેર કર્યો હતો.પરંતુ ભાજપના શાસનકાળમાં આ છ વર્ષ દરમિયાન રથયાત્રાના પરંપરાગત માર્ગને હેરીટેજ રુટ તરીકે વિકસાવવાના કોઈ જ પ્રયત્ન હાથ ધરવામાં આવ્યાં નથી.

અમદાવાદમાં ભગવાન જગન્નાથજી રથયાત્રાના ૨૨ કિલોમીટર લાંબા માર્ગને વર્ષ ૨૦૦૫માં તત્કાલીન મેયર અનિશાબેગમ મિરમાએ હેરીટેમ રુટ જાહેર કર્યો હતો..અને આ માર્ગને નવી ઓળખ આપવાની પહેલ કરી હતી.આ પરંપરાગત માર્ગને શહેરના અન્ય માર્ગો કરતા વિશેષ ઓળખ આપવાની તથા તેની આસપાસની ફુટપાથ અને સ્ટ્રીટલાઈટને અલગ રીતે તૈયાર કરવાની દરખાસ્ત કરી તેને મંજુર પણ કરાવી હતી.પરંતુ વર્ષ ૨૦૦૫ પછી સત્તાની દોર ભાજપના હાથમાં આવતા આઠ વર્ષ બાદ પણ તેની ઉપેક્ષા કરાઈ રહી છે.

આ અંગે મ્યુનિસિપલ કમિશનરને પણ રજુઆત કરવામાં આવી છે. પરંતુ કોઈ યોગ્ય પ્રતિસાદ સાંપડયો નથી.જો કે રથયાત્રાના હેરિટેજ રુટ અંગે જયારે સત્તાધારી પક્ષને પૂછવામાં આવ્યું તો તેમની પાસે આ અંગે કોઈ જ માહિતી ન હતી.જેથી તેમણે જવાબ આપવાનું ટાળ્યુ હતુ.રથયાત્રાના આ આ માર્ગને હેરિટેજ રૂટ તરીકે વિકસાવવાની કામગીરી હાથ ધરી સત્તાધારી પક્ષ તેની પરંપરાગતતા અને મહત્તા વધારે તે ઈચ્છનીય છે.

# લાલુ અને જગન્નાથ મિશ્રાને સંડોવતાં ચારા કૌભાંડનો ૧૫મીએ ચુકાદો

### લાલુ પ્રસાદ યાદવ જગન્નાથ મિશ્રા અને રાજનેતાઓ તેમજ આઇએએસ અધિકારીઓ સહિત કુલ ૪૪ આરોપીઓએ હાજર રહેવું પડશે

**દહેરાદુન, તા. ૨૧**

ઘાસચારો કૌભાંડમાં સુનાવણી કરી રહેલી વિશેષ સીબીઆઇ કોર્ટે કહ્યું કે બીહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુપ્રસાદ યાદવ અને જગન્નાથ મિશ્રા સાથે સંકળાયેલા ૩૭ કરોડ ૭૦ લાખ રૂપિયાના એક કેસમાં ૧૫ જુલાઇના રોજ પોતાનો ચુકાદો આપશે. સીબીઆઇના વિશેષ જજ પ્રવાસકુમારસિંહની બેન્ચે લાલુપ્રસાદ યાદવ અને જગન્નાથ મિશ્રા સાથે સંકળાયેલ ચાઇબાસા કોષાગારથી ૩૭ કરોડ ૭૦ લાખ રૂપિયાનું ગેરકાયદેસર ઘાસચારો કાઢવાના કેસમાં કોર્ટ પોતાનો નિર્ણય સંભાળાવશે.

સીબીઆઇ કોર્ટના ચુકાદાના નક્કિ કરેલા દિવસે લાલુ પ્રસાદ યાદવ જગન્નાથ મિશ્રા અને રાજનેતાઓ તેમજ આઇએએસ અધિકારીઓ સહિત કુલ ૪૪ આરોપીઓએ હાજર રહેવું પડશે. આ મામલે કોર્ટ જેને દોષિત સાબિત કરે તેની ધરપકડ પણ થઇ શકે છે. વિશેષ સીબીઆઇ કોર્ટે દરેક આરોપીઓને જરૂરી લાગવા પર પોતાની દલીલ લેખિત તેમજ અન્ય કોઇ પ્રતિક્રિયા પહેલી જુલાઇ સુધીમાં કોર્ટમાં દાખલ કરે તેવી તાકીદ કરીછે. આ પહેલા ઘાસચારો કૌભાંડમાં રાંચીમાં ચાલી રહેલા કુલ ૫૩ કેસમાંથી ૪૪માં સીબીઆઇ કોર્ટ પોતાનો નિર્ણય સંભળાવી ચૂકી છે. ૧૫ જુલાઇના આ કેસમાં નિર્ણય આવશે તો આ કેસ ૪૫મા નિર્ણય કેસ બનશે. કુલ ૯૫૦ કરોડ રૂપિયાના ઘાસચારા કૌભાંડમાં ૬૩માંથી ૫૩ કેસ ઝારખંડ અલગ રાય બન્યા બાદ રાંચી સ્થળાંતર કરાયા હતાં.

# રાજકોટના એક ટ્રાવેલ્સ એજન્ટે અસરગ્રસ્તોની સહાય માટે કરી પહેલ

### ઉત્તરાખંડમાં ફસાયેલા અસરગ્રસ્તો માટે ફૂડ પેકેટ્સ અને જરૂરી ચીજવસ્તુઓ એકઠી કરીને સ્વખર્ચે જરૂરિયાતમંદો સુધી પહોંચાડી રહ્યા છે

**રાજકોટ, તા. ૨૧**

ઉત્તરાખંડમાં કુદરતના કેરથી માનવી લાચાર છે.આ તબાહીમાં અનેક પરિવારો ત્યાં ફસાયા છે ત્યારે રાજકોટના એક ટ્રાવેલ્સ એજન્ટે અસરગ્રસ્તોની સહાય માટે પહેલ કરી છે.જેમાં સેવાભાવી લોકોનો પણ સાથ મળી રહ્યો છે.

કોઈ પણ કુદરતી આફત હોય ત્યારે સહાય પહોંચાડવામાં રાજકોટ હંમેશાં પ્રથમ પહેલ કરે છે.રાજકોટની કાવ્યા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલક રક્ષિતભાઈ જોષી.જેઓ ઉત્તરાખંડમાં ફસાયેલા અસરગ્રસ્તો માટે ફૂડ પેકેટ્સ અને જરૂરી ચીજવસ્તુઓ એકઠી કરીને સ્વખર્ચે જરૂરિયાતમંદો સુધી પહોંચાડી રહ્યા છે.રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રના સેવાભાવી લોકો રક્ષિતભાઈના સેવાયજ્ઞમાં ફૂડપેકેટ્સ,બ્લેક્રેટ જેવી ચીજવસ્તુઓ આપી રહ્યા છે.એટલું જ નહીં રક્ષિતભાઈએ સમાચાર પત્રમાં ઉત્તરાખંડના પીડિતોની સહાય માટેની પ્રેસનોટ આપી તો દિલ્હીથી પણ ગુજરાતીઓ મદદ માટે આગળ આવી રહ્યા છે.

દુનિયામાં આપવાવાળા તો ઘણા છે,બસ જરૂર છે પહેલ કરીને અસરગ્રસ્તો સુધી જરૂરી મદદ પહોંચાડવાની.રક્ષિતભાઈની સાથે અમદાવાદના ટ્રાવેલ્સ એજન્ટો પણ આ સેવાકાર્યમાં હાથો હાથ મદદ પહોંચાડી રહ્યા છે.

# ઉત્તરાખંડમાં ફસાયેલા ગુજરાતી શ્રદ્ધાળુઓનાં મામલે અર્જુન મોઢવાડિયાનાં મુખ્યમંત્રી પર આકરા પ્રહાર

### ગુજરાત સરકારે ચાર ચાર દિવસ પછી પોતાનો કંટ્રોલ રૂમ કે હેલ્પલાઈન પણ શરૂ કરી નથી : ફક્ત બે કરોડ રૂપિયા ઉત્તરાખંડના મુખ્યમંત્રી રાહતફંડમાં આપવાની જાહેરાત



**અમદાવાદ, તા. ૨૧**

હાલમાં ઉત્તરાખંડમાં સર્જાયેલ કરૂણાંતિકામાં ગુજરાતનાં સંખ્યાબંધ શ્રદ્ધાળુઓ ફસાયેલા છે ત્યારે ગુજરાત કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ચૂંટણી વખતે છ કરોડ ગુજરાતીઓની વાતો કરનારા મુખ્યમંત્રી ચાર - ચાર દિવસથી નિંદ્રા તાણીને બેઠા છે. ગુજરાતી પરિવારો જ મુશ્કેલીમાં ફસાયા છે. ત્યારે અસવેદનશીલતા દર્શાવી એ શરમજનક બાબત છે.

અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું છે કે ભુતકાળમાં જયારે જયારે ગુજરાત કે ગુજરાતીઓ ઉપર આફત આવી પડી છે ત્યારે ત્યારે કેન્દ્રની કોંગ્રેસ સરકાર અને ગુજરાતના ભુતકાળના મુખ્યમંત્રીઓએ ત્વરિત નિર્ણયો લઈને આફતગ્રસ્ત લોકોને મદદરૂપ થયા છે. આજે પણ ગુજરાતી પરિવારો વિનાશક પુર વચ્ચે ફસાયા છે, ત્યારે કેન્દ્ર સરકાર સક્રિય રહી છે, અને ગુજરાતના સાંસદ શ્રી અહેમદ પટેલ ઉત્તરાખંડના મુખ્યમંત્રી પાસેથી પળે પળની માહિતી લઇ રહ્યા છે અને બનતી સહાય આફતગ્રસ્ત લોકોને કરી રહ્યા છે. મોરબીના વિનાશક પુર વખતે ગુજરાતના મુખ્યમંત્રી સ્વ. બાબુભાઈ જશભાઈ મોરબીના પુરપિડીતોની વચ્ચે જઈને આખા રાજયનો કારોબાર ચલાવતા હતાં. અમરસિંહ ચૌધરી વખતે ત્રણ-ત્રણ વર્ષના દુષ્કાળ થયા પછી મુખ્યમંત્રી તરીકે દુષ્કાળ પીડિતોને સહાય કરવામાં ગુજરાત સરકાર પાછી પડી નહોતી. પરંતુ આજે ગુજરાતના મુખ્યમંત્રી પોતાનો ધર્મ ચુકી ગયા છે અને આફતગ્રસ્તોને ભગવાન ભરોસે છોડી દીધા છે. ચાર-ચાર દિવસ પછી ય ગુજરાત સરકાર પાસે કેટલા લોકો પુરમાં ફસાયા છે એનો આંકડો ય નથી કે કેટલા લોકો ગુમ થયા છે, મૃત્યુ પામ્યા છે એનો જવાબ પણ આપી શકી નથી.

ઉત્તરાખંડમાં આભ ફાટયું એ પછીના બીજા જ દિવસે ઉત્તરાખંડ સરકારે પોતાનો કંટ્રોલરૂમ શરૂ કરેલો મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રની સરકારોએ પણ તાત્કાલીક અસરથી પોતાના કંટ્રોલ રૂમ અને હેલ્પલાઈનો શરૂ કરી બનતી માહિતી આફતગ્રસ્ત પરિવારોને આપી શકાય તેની ચિંતા કરી છે. પરંતુ ગુજરાત સરકારે ચાર ચાર દિવસ પછી પોતાનો કંટ્રોલ રૂમ કે હેલ્પલાઈન પણ શરૂ કરી નથી. ગુજરાત સરકાર ચાર દિવસ બાદ ફક્ત બે કરોડ રૂપિયા ઉત્તરાખંડના મુખ્યમંત્રી રાહતફંડમાં આપવાની જાહેરાત કરે છે. જો મુખ્યમંત્રી પોતાના વ્યકિતગત મેળાવડા અને આત્મપ્રસંશા કરવા માટે અબજો રૂપિયા વેડફીને થતા તાયફામાં થોડો કાપ મુકે તો ગુજરાતની પીડિત જનતાને ઘણી સહાય કરી શકે તેમ છે. તેમ શ્રી મોઢવાડીયાએ જણાવ્યું છે.

# ગુજરાતમાં ગૌણ ખનીજના બાકી લેણા માટે રાહત યોજના અમલી

**જુનાગઢ, તા. ૨૧**

ગુજરાતમાં ગૌણ ખનીજના બાકી લેણા માટે રાહત યોજના અમલી ગાંધીનગર, ૨૧ જૂન : ગુજરાત રાજય સરકારે ૩૧મી માર્ચ ૨૦૧૨ના ઠરાવથી અમલી ખાસ યોજના અંતર્ગત ગૌણ ખનીજના બાકી લેણાની વસુલાત માટે રાહત યોજના અમલી બનાવાઇ છે. આ યોજનાની મુદત ૧ જૂન, ૨૦૧૩ના ઠરાવથી મુદત વધારવામાં આવી છે. આ યોજના હેઠળ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૧ સુધીના તમામ બાકી લેણા અંગે કેસો આવરી લેવામાં આવશે. ગુજરાત સરકારે જણાવ્યું છે કે ખાસ શરતો ને આધિન આ યોજના હેઠળ લાભ મેળવવા બાકીદારે પડતર અપીલ/રીવિઝન, કોર્ટ કેસ વગેરે પરત ખેંચવાના રહેશે અને તે અંગેની લેખિત બાહેંધરી પ્રથમ આપવાની રહેશે. જયારે વિભાગ દ્વારા પોલીસ કેસના કિસ્સાહમાં રાહત યોજના મુજબની રકમ ભરપાઇ કર્યેથી સંબંધિત કચેરી દ્વારા કેસ પરત ખેંચવામાં આવશે. લીઝના રોયલ્ટી/ડેડરેન્ટના તમામ બાકી લેણાં યોજના ના સમય ગાળામાં ભરપાઇ કરવાથી વ્યાજની રકમ સંપૂર્ણ માફ કરવામાં આવશે. આ ઉપરાંત લીઝ વિસ્તાયર અંતર્ગત થયેલ બિન અધિકૃત ખોદકામ, વહન, સંગ્રહપેટે ખનીજ કિંમતને બદલે સીંગલ રોયલ્ટીત ભરપાઇ થયેથી કેસ માંડવાળ કરાશે તેમજ લીઝ સિવાયના વિસ્તાગરો માટે બિન અધિકૃત ખોદકામ, વહન, સંગ્રહ, કોન્ટ્રા કટરોના નોડયુઝ અને ઈંટભઠ્ઠાના કેસોમાં બેગણી રોયલ્ટી વસુલાત કરી કેસ માંડવાળ કરવામાં આવશે. આ રાહત યોજના અંતર્ગત બાકીદારોએ લેણા ચૂકતે કરવાની નિયત તારીખ ૩૧ ઓગસ્ટ ૨૦૧૩ સુધીમાં લાગતા વળગતાઓએ ત્વતરીત આ યોજનાનો લાભ લેવા જણાવાયું છે. આ માટે વધારે વિગતો મેળવવા ખાણ ખનીજ ખાતાનો સંપર્ક કરવા જણાવવા આવ્યું છે.

# વેરાવળમાં કોમી રમખાણ

**વેરાવળ, તા. ૨૧**

જૂનાગઢ જિલ્લાના વેરાવળમાં આજે સાંજે અચાનક હિન્દુ-મુસ્લિમ વચ્ચે જૂથ અથડામણ થયું હતું જેના કારણે બે કોમના ટોળા આમને સામને આવી ગયા હતા. ઉશ્કેરાયેલા ટોળાએ ૫૦ જેટલા હોન્ડા, કાર સહિત વાહનો સળગાવ્યા હતા અને દુકાનોને આગ ચાંપી દેતાં મામલો બિચક્યો હતો. ટોળાએ પોલીસ ઉપર પથ્થર મારો કરતાં પોલીસે ટોળાને વિખેરવા માટે ટિયરગેસનવા સેલ છોડ્યા હતા.

જુનાગઢ જિલ્લાનાં વેરાવળ શહેરમાં આજે બપોરે ગાંધી રોડ પર હિન્દુ-મુસ્લિમ જુથનાં ટોળા રોડ પર ઉતરી આવ્યાં બાદ સામસામે પત્થરમારો થતાં શહેરમાં તંગદીલી ફેલાઇ ગઇ છે. સુત્રોમાંથી જાણવા મળ્યાં મુજબ, શુક્રવારે બપોરે ૩ વાગ્યાનાં અરસામાં અચાનક ગાંધી રોડ પર હિન્દુ-મુસ્લિમનાં ટોળા રોડ પર ઉતરી આવતા વાતાવરણ તંગ બની ગયું હતુ. જોત જોતામાં મામલો વધુ બિચકતાં બંન્ને જુથે સામસામે પત્થરમારો કરતા નાસભાગ મચી ગઇ હતી. શહેરમાં ઓચિંતા બે જુથ વચ્ચેનાં ધમાસાણ થયાની પોલીસને જાણ થતાં પોલીસ કાફલો ધસી ગયો હતો.

જો કે પોલીસની હાજરીમાં પણ બંન્ને જુથે પત્થરમારો ચાલુ રાખતાં પોલીસે બે ટિયર ગેસનાં સેલ છોડવા પડ્યાં હતા.

કોમી હુલ્લડને પગલે શહેરની સોની બજાર, ખારવાવાડા, સુભાષ રોડ અને સટ્ટા બજાર ટપોટપ બંધ થઇ ગઇ હતી અને અફવાઓની બજાર ગરમ થઇ ગઇ હતી.

જો કે ક્યા કારણોસર બંન્ને જુથ આમને સામને આવી ગયા તે કારણ હજુ જાણવા મળ્યું નથી. બીજી તરફ બે દિવસ પહેલા જ એક ખારવા યુવાનની હત્યા થઇ હોય તેને પગલે બંન્ને જુથ આમને સામને આવી ગયાની પણ જોરશોરથી ચર્ચા થઇ રહી છે. બનાવને પગલે વેરાવળમાં તંગદિલી છવાઇ ગઇ છે

# હરદ્વારમાં ગુજરાતનાં યાત્રાળુઓને પરત લાવવાની યોજના શરૂ કરાઇ

### રયાન ઈન્ટરનેશનલ સ્કુલના બાળકોએ દુવા કરી હતી. ઉત્તરાખંડમાં મૃત્યુ પામેલા લોકોના આત્માને શાંતિ મળે તે માટે બે મિનિટનું મૌન પાળીને તેમને શ્રધ્ધાંજલી અર્પી

**હરદ્વાર, તા. ૨૧**

ઉત્તરાખંડમાં થયેલા જળપ્રલયને કારણે મોટા પ્રમાણમાં ગુજરાતી પ્રવાસીઓ મુશ્કેલીમાં મુકાયા છે. ગુજરાત સરકારે બચાવ કામગીરીના સંકલનને તેજ બનાવ્યું છે, અને શુક્રવાર સુધીમાં પ્રવાસીઓ સુધી હવાઈદળના માધ્યમથી ટીમો પહોંચશે. અને તેમને ગુજરાત પરત લાવવા માટે વ્યવસ્થા કરશે.ગુજરાતના સીનીયર અધિકારીઓની ટીમે રાહતની કામગીરી હરીદ્વારમાં શરુ કરી છે. ગુજરાત સરકાર દ્વારા શરુ કરાયેલા રાહત કેમ્પમાં તમામ ગુજરાતીઓને એકઠા કરીને ગુજરાત લાવવા માટે આયોજન થઈ રહ્યું છે. ગુજરાતમાંથી ખાસ બસો હરીદ્વાર મોકલવામાં આવી રહી છે.અને ૨૨ તારીખ સુધીમાં હરીદ્વાર કેમ્પથી પ્રવાસીઓને લઈને આ બસો હરીદ્વારથી રવાના થશે. અવસાન પામેલા પ્રવાસીઓને ત્યાં જ અંતિમ વિધિ થાય તે માટે ચીફ સેક્રેટરીએ ઉત્તરાખંડના ઉચ્ચ અધિકારીઓ સાથે સંકલન કર્યું છે. જેને લઈને આ પ્રવાસીઓને મળતી સહાયોમાં કોઈ વહીવટી ગુંચવણ ન ઉભી થાય તે વ્યવસ્થા કરાઈ છે. અત્યારે મૃત્યુનો કોઈ ચોક્કસ આંક રાજ્ય સરકારને મળ્યો નથી, પરંતુ પાંચ હજાર જેટલા ગુજરાતીઓ આ હોનારતને કારણે ફસાયા હોવાનો સરકારનો અંદાજ છે. વડોદરા ટુર્સ-ટ્રાવેલ એસોસિયેશન અને કલેકટર કચેરી દ્વારા વડોદરાથી ૬ લકઝરી બસોમાં રાહત સામગ્રી રવાના કરવામાં આવી હતી. આ તમામ બસોમાં યાત્રીઓ માટે બિસ્કીટ, ચવાણું અને પાણીની બોટલો મોકલવામાં આવી છે. તેમજ ૨૦જેટલા સેવાભાવી લોકો પણ સેવા કરવા મોકલવામાં આવ્યા છે. ઉતરાખંડમાં આવેલ કુદરતી હોનારતમાં હજારો લોકોએ પોતાના જાન ગુમાવ્યા છે. અને હજી પણ આ આંકડો દિન પ્રતિદિન વધી રહ્યો છે. ત્યારે તેમના માટે દેશભરમાંથી દુવાઓ કરવામાં આવી રહી છે. સુરતના અડાજણ વિસ્તારમાં આવેલ રયાન ઈન્ટરનેશનલ સ્કુલના બાળકોએ દુવા કરી હતી. ઉત્તરાખંડમાં મૃત્યુ પામેલા લોકોના આત્માને શાંતિ મળે તે માટે બે મિનિટનું મૌન પાળીને તેમને શ્રધ્ધાંજલી અર્પી હતી. તેમજ તેમના પરિવારજનોને તમામ મદદ મળી રહે અને જે લોકો ફસાયા છે તેઓનું જલ્દીથી તેમના પરિવારજનો સાથે મિલન થાય તેવા આશય સાથે શાળાના બાળકોએ ઈશ્વરને પ્રાર્થના કરી હતી. આ સિવાય બાળકોએ પોસ્ટરો દ્વારા પોતાનો સંદેશો પાઠવ્યો હતો.

# ૨૦૦ થી વધારે ગુજરાતીઓ લાપતા હોવાની આશંકા

### ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારીઓની ટીમ પણ ઉત્તરાખંડ પહોંચી ગઈ છે. આ ટીમ દ્વારા ગુજરાતી યાત્રાળુઓને સહી સલામત રીતે શાંતિકુંજ - હૃષીકેશના હેલ્પ કેમ્પમાં પહોંચાડવાનાં રેસ્ક્યુ અભિયાનને ખાસ મહત્ત્વ

**દહેરાદુન, તા. ૨૧**

ઉત્તરાખંડમાં થયેલ વ્યાપક તબાહીના ૩૬ કલાક બાદ આરંભાયેલ રાહત અને બચાવ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. બાબા કેદારનાથ મંદિરમાં શિવલિંગ અને તેની આસપાસ લાશો જ લાશો પડી છે. ભારે વરસાદ અને પૂરે કેદારનાથ મંદિર અને તેની આસપાસ એટલું નુકસાન કર્યું છે કે મંદિર ખોલવામાં ઓછામાં ઓછો એક વર્ષનો સમય લાગી જશે. ભગવાન સદાશિવનાં તાંડવનૃત્યમાં દેશભરના હજારો યાત્રાળુઓ આજે પણ જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યાં છે. સેંકડોનાં મૃત્યુ થયાં છે. આમાં ગુજરાતના ૨૦૦થી વધુ યાત્રાળુ લાપતા હોવાની અનેક પ્રકારની અટકળો થઈ રહી છે.

વડા પ્રધાન મનમોહનસિંહને પણ ઉત્તરાખંડની કુદરતી આપત્તિને રાષ્ટ્રીય આપત્તિ જાહેર કરવાની ફરજ પડી છે. સમગ્ર ઉત્તરાખંડમાં ભારે તબાહી મચી છે. લશ્કરના જાબાંઝ જવાનો તેમના જીવ જોખમમાં મૂકીને આફતગ્રસ્તોને બચાવી રહ્યા છે. બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારીઓની ટીમ પણ ઉત્તરાખંડ પહોંચી ગઈ છે. આ ટીમ દ્વારા ગુજરાતી યાત્રાળુઓને સહી સલામત રીતે શાંતિકુંજ - હૃષીકેશના હેલ્પ કેમ્પમાં પહોંચાડવાનાં રેસ્ક્યુ અભિયાનને ખાસ મહત્ત્વ અપાઈ રહ્યું છે. આ હેલ્પ કેમ્પમાં ધીમે ધીમે ગુજરાતી યાત્રાળુઓ પહોંચી રહ્યા છે. પોતાના અંગત સ્વજનોને ગુમાવીને ભગ્નહૃદયે આવી પહોંચેલા ગુજરાતી યાત્રાળુઓનાં તન અને મન કુદરતની ભયંકર માર સહન કર્યા બાદ તૂટી ગયાં છે. અનેક યાત્રાળુઓ હૈયાંની હામ ખોઈ બેઠા છે.ગુજરાતની ટીમના એક અધિકારીએ મીડિયા સાથેની વાતચીતમાં એવી આશંકા વ્યક્ત કરી છે કે જે પ્રકારે ઉત્તરાખંડના કેદારનાથ, બદરીનાથ, ઉત્તર કાશી વગેરે સ્થળોથી સરકારની મદદથી એર લિફ્ટિંગ દ્વારા કે ગાયત્રી પરિવારની મદદથી ગુજરાતી યાત્રાળુઓ આવે છે અને તેમની પાસેથી જે પ્રકારના પ્રાથમિક અહેવાલો મળી રહ્યા છે તેને જોતાં ૨૦૦થી વધારે ગુજરાતી લાપતા થયાં હશે. મોટાભાગના ગુમ થયેલા બાળકો અને મહિલા હોવાની આશંકા સેવાઈ રહી છે.

આજે પણ સેંકડો ગુજરાતીનો અતોપતો મળતો નથી. વિભિન્ન હોટલો-ધર્મશાળાઓમાં રોકાયેલા આ ગુજરાતીઓના કોઈ ખબરઅંતર નથી. ઉત્તરાખંડમાં ૪૦થી ૪૫ વિવિધ જગ્યાએ ગુજરાતીઓ બૂરી હાલતમાં ફસાયા છે. આ કમનસીબ યાત્રાળુઓને દહેરાદૂન પહોંચતા કરવા સરકારે યુદ્ધના ધોરણે રસ્તાઓના પુનઃ નિર્માણનું કામ હાથ ધર્યું છે.

# અમદાવાદ કલેકટર કચેરીએ નોન ક્રિમિલેયર સર્ટિફિકેટ માટે ધિંગાણુ

### કલેકટર કચેરી સ્થિત જનસેવા કેન્દ્રમાં સવારથી જ ફોર્મ ભરવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતા વ્યવસ્થા ખોરવાઈ

**અમદાવાદ, તા. ૨૧**

અમદાવાદ કલેકટર કચેરી ખાતે જનસેવજા કેન્દ્રમાં મંગળવારે નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ જમા કરાવવા આવેલા લોકોનો ધસારો થતાં ફરજ પરના કર્મચારીઓ સાથે ઘર્ષણ થયું હતુ. જેથી ભારે હોબાળો થતાં પોલીસને દરમ્યાનગીરી કરવાની ફરજ પડી હતી.

ધોરણ ૧૨ અને ધોરણ ૧૦ના પરિણામો જાહેર થયા બાદ કલેકટર કચેરીમાં જનસેવા કેન્દ્ર તથા ૧૬ જેટલી ચાવડી પર નોન ક્રિમીલેયર તથા આવક પ્રમાણ પત્ર આપવા સહિતની કામગીરી હાથ ધરાઈ છે. છેલ્લા કેટલાંક દિવસથી સર્વર ડાઉન હોવાથી કામગીરીમાં વિલંબ થાય છે. તથા સવારથી લાઈનમાં ઉભેલા લોકોનો નંબર સાંજે આવતા લોકો રોષે ભરાય છે.

મંગળવારે કલેકટર કચેરી સ્થિત જનસેવા કેન્દ્રમાં સવારથી જ ફોર્મ ભરવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતા વ્યવસ્થા ખોરવાઈ હતી. લોકો સવારથી જ લાઈનમાં ઉભા રહ્યા હતા. સર્વર ડાઈન હોવાના કારણેએક ફોર્મ પાછળ ૧૫ થી ૨૦ મિનિટનો સમય જતો હતો. જેના કારણે લાઈનમાં ઉભેલા લોકો કંટાળ્યા હતા. આ દરમ્યાન લાઈનમાં ઉભેલા કેટલાક અરજદારે ધીમી કામગીરીનો વિરોધ કર્યો હતો. જેમાંથી એક અરજદારે કર્મચારી સાથે ઉગ્ર બોલાચાલી કરતાં અન્ય કંટાળેલા લોકો પણ ઉશ્કેરાયા હતા. અને કર્મચારી ઓ સાથે મારામારી કરી હતી. જેમાં ચાર કર્મચારી તથા અરજદારોમાં કેટલાંકને સામાન્ય ઈજા થઈ હતી. એક કલાક સુધી બંન્ને પક્ષ વચ્ચે ઘર્ષણ ચાલ્યુ હતુ.

# ગુજરાતમાં નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસવાની ચેતવણી

### બનાસ નદીની આજુબાજુના વિસ્તારના ગામો તથા બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના રાનેર, જમનાપાદર, ઉંબરી તથા બુકોલી અને થરાદ તાલુકાના આસોદર, ઉદરાણા, ખેંગારપુરા ભલાસરા અને રાહ વિસ્તારનાં લોકોને આગાહ કરાયા

**અમદાવાદ, તા. ૨૧**

ગુજરાત સરકાર દ્વારા વિવિધ જિલ્લાઓના અધિકારીઓને સૂચના આપી છે કે ચોમાસાને પગલે જે નીચાણવાળા વિસ્તારોમાં પૂરની શક્યતા જણાય તેવા વિસ્તારોના લોકોને સલામત સ્થળે ખસી જવા માટે જાહેર ચેતવણી આપવી.

આ અંતર્ગત સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલની સાંકળ ૨૭૪.૩૪૫ કિલોમીટરથી ૨૮૦.૮૧૦ કિલોમીટર તથા સાંકળ ૩૨૨.૨૫૫ કિલોમીટરથી ૩૩૨.૦૯૫ કિલોમીટર સુધી નહેરની વચ્ચે આવતી બનાસ નદીની આજુબાજુના વિસ્તારના ગામો તથા બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના રાનેર, જમનાપાદર, ઉંબરી તથા બુકોલી અને થરાદ તાલુકાના આસોદર, ઉદરાણા, ખેંગારપુરા ભલાસરા અને રાહ ગામમાંથી પસાર થાય છે.

આગામી ચોમાસા ૨૦૧૩ દરમિયાન નહેરમાં વરસાદી પાણી તેમજ નહેરમાં છોડવામાં આવનાર પાણી ચાર મીટરથી વધારે ઉંડાઇમાં ભરાઈને નહેરમાં વહેવાની શકયતા છે. આથી ઉપરોકત ગામોની તેમજ કેનાલ વિસ્તાધરના આજુબાજુના ગામોની જાહેર જનતાને તાકીદ સાથે સાવચેત કરવામાં આવે છે કે ચોમાસા દરમિયાન નહેરના વિસ્તારમાં અવર-જવર કરવી નહીં તેમજ નહેરના પાણીમાં પ્રવેશવું નહીં તેમજ ઢોર-ઢાખરને પણ પ્રવેશવા દેવા નહીં આવા ગેરકાયદેસર પ્રવેશને કારણે અકસ્માજત થશે તો તે માટે ખાતાની જવાબદારી રહેશે નહીં જેની સબંધિત વિસ્તારની જાહેર જનતાએ નોંધ લેવા કાર્યપાલક ઈજનેર સીપુ યોજના વિભાગ પાલનપુર દ્વારા જણાવાયું છે. કાર્યપાલક ઈજનેર,ડીસા સિંચાઈ વિભાગ દ્વારા જણાવ્યા મુજબ ચાલુ ચોમાસા વર્ષ ૨૦૧૩ દરમિયાન દાંતીવાડા બંધમાં પાણી સંગ્રહ કરવામાં આવશે.

બનાસ નદીના ઉપરવાસના વિસ્તારમાં ભવિષ્યામાં વરસાદ થાય તો નદીમાં પૂર આવે અને બંધ પૂર્ણ ભરાયા બાદ જરૂર જણાયે દાંતીવાડા બંધમાંથી બનાસ નદીમાં પાણી છોડવામાં આવે તો નીચાણવાળા ભાગમાં અસર થવાથી બનાસ નદીના પટમાં ખેતી કરનારા, ધોબી ઘાટવાળા, રેતી કાઢવાવાળા તેમજ નદીના આસપાસના વિસ્તાતરમાં રહેતા તેમજ અવરજવર કરનારા તમામ પ્રજાજનોને ઉંચાણવાળી સલામત જગ્યાએ ખસી જવા તથા પોતાના ઢોર-ઢાંખરને નદીમાં ન લાવવા જણાવાયું છે.

# બચાવ-રાહત કાર્યમાં પણ રાજકારણીઓ અને અધિકારીઓની દખલગીરી

**દહેરાદુન, તા. ૨૧**

ઉત્તરાખંડમાં કુદરતના પ્રકોપમાં ફસાયેલા લોકોને ખરાબ હવામાનને કારણે બચાવવાનું કામ મુશ્કેલ બની રહ્યું છે ત્યારે બચાવ ટુકડીઓ વગદાર લોકોના દબાણ ભર્યા ફોન કોલ્સથી પરેશાન છે જેઓ પોતાના સગા-વહાલાઓને પહેલા બચાવવા કહી રહ્યા છે. રાજકારણીઓ, નોકરશાહો અને અન્ય સરકારી અધિકારીઓના આવા રોજ ૫૦ જેટલા ફોન આવી રહ્યા છે તેમ બચાવ ટુકડીના સૂત્રોએ જણાવ્યું હતું.

બચાવ કામગીરીની દેખરેખ કરી રહેલ એક અધિકારીએ જણાવ્યું હતું કે, આવા મોટાભાગના લોકો બદરીનાથ, યમુનોત્રી અને ગંગોત્રીમાં ફસાયેલા છે.જયાં ખાસ નુક્સાન થયું નથી. આ વિસ્તારો માત્ર અન્ય વિસ્તારોથી કપાઈ ગયા છે અને ત્યાં દિવસો સુધી લોકો ટકી શકે એટલો પુરવઠો ઉપલબ્ધ છે.

યાત્રાની મોસમ ચરમસીમાએ હોઇ કેટલાક નેતાઓ, બાબુઓના પરિવારો પણ ચારધામ યાત્રાએ નીકળ્યા હતા. આ વગદાર લોકો ગૃહ વિભાગ કે લશ્કરી દળો સાથે સીધો સંપર્ક કરી શકતા હોઇ આવું દબાણ કરવામાં આવી રહ્યું છે.

બચાવ સાથે સંકળાયેલા અધિકારીએ જણાવ્યું હતું કે, કોઇ ચોક્કસ વ્યકિત કે પરિવાર બદરીનાથ કે યમુનોત્રીની ચોક્કસ હોટલના રૂમમાં રહે છે તેમને તાત્કાલીક બચાવી લેવાના સંદેશા અમને મળી રહ્યો છે. તેઓ હોટલમાં આરામથી રહે છે અને ભોજન ઉપલબ્ધ છે તો તેમને પહેલા બચાવવાની ઉતાવળની શું જરૂર છે...સવારે કેદારનાથ ખીણની ગંભીર સ્થિતિ જોવાની છે. જ્યાં લોકો ખોરાક, પાણી કે આશ્રય વિના મૃત્યુ પામી રહ્યા છે તેઓ અમારી પ્રોયોરીટી છે.

જો કે, બચાવ ટુકડીઓ આવા દબાણનો નમ્રતાપુર્વક જવાબ આપે છે અને પરિસ્થિતિ સમજાવી રહ્યા છે. એક અન્ય અધિકારીએ જણાવ્યું હતું કે, એક નેતાના આવા દબાણ હેઠળ અમારે તેમના સગા સંબંધીઓને પ્રોયોરીટી આધાર પર બચાવવાની ફરજ પડી હતી. ખરેખર મુશ્કેલીમાં હોય તેઓને પણ વગદારના પરિવારજનો પર અમારી મદદ મેળવી શકે છે તેમ સેનાના સુત્રોએ જણાવ્યું હતું આવા દબાણભર્યું સંદેશાઓ બચાવ ટુકડીઓના કામમાં અડચણ પેદા કરી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું.

## અમદાવાદ મહાનગરમાં અંદાજે ૧૭૫૩૦ બાળકોનું શાળામાં નામાંકન કરાશે

### શિક્ષકો ફરજ ઉપરાંત કર્તવ્ય નિષ્ઠતા દાખવે તે જરૂરી - શ્રી રમણલાલ વોરા

*અમદાવાદ : શુક્રવાર : પ્રાથમિક શિક્ષણ મેળવવા પાત્ર ૬થી ૧૪ વર્ષના તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણની સુવિધા સરળતાથી ઉપલબ્ધ થાય અને એકપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ૧૧ વર્ષથી શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી રથયાત્રાનું પરિણામલક્ષી આયોજન કરવામાં આવે છે. તેમ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી રમણલાલ વોરાએ આજે અમદાવાદ મહાનગરની વિવિધ શાળાઓમાં બાળકોનું નામાંકન કરાવતા જણાવ્યું હતું.*

*રાજ્ય સરકારના શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી રથયાત્રા, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ, વિદ્યાલક્ષ્મી બોન્ડ, વિદ્યાદીપ યોજના, મધ્યાહન ભોજન યોજના જેવા અનેક કાર્યક્રમો થકી રાજ્યમાં બાળકો તંદુરસ્ત રહે તેવો અભિગમ રખ્યો છે. આ વર્ષે મહાનગરમાં અંદાજે કુલ-૧૭૫૩૦ જેટલા બાળકોને ધો-૧થી ૬માં નામાંકન કરવામાં આવશે જેમાં કુલ ૮૫૪૦ કુમાર તથા કુલ-૮૯૯૦ કન્યાઓને પ્રવેશ કરાવાશે.*

*આ વર્ષે શિષ્યવૃત્તિનો વિશેષ લાભ ઉમેરી રાજ્ય સરકારે બાળકોને પ્રોત્સાહિત કરવાનું અભિયાન હાથ ધર્યું છે. આજ સુધી બાળકોને વિનામુલ્યે પાઠ્ય પુસ્તકો, દફતર, આરોગ્યલક્ષી સેવાઓ પુરી પાડવામાં આવતી હતી. જેનો લાભ રાજ્યના ૧૮૦૫૬ ગામડાના બાળકોને મળ્યો છે. આરોગ્યલક્ષી સેવામાં રાજ્યના ૨૨૦૦૦થી વધુ બાળકોને વિનામૂલ્યે ઓપરેશન સુવિધા ઉપલબ્ધ કરાવી છે. મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી બાળકોને શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. ધો-૧માં પ્રવેશ મેળવેલા બાળકોને કીટ, વિદ્યાલક્ષ્મી બોન્ડ, પાઠ્યપુસ્તક, વિદ્યાદિપ યોજના હેઠળ ચેક વિતરણ કરી ધો-૩થી ૮માં પ્રથમ, દ્વિતિય અને તૃતિયક્રમે પાસ થનારા વિદ્યાર્થી ભાઈ-બહેનોનું સન્માન કર્યું હતું. સાથે જ શાળામાં યોગદાન આપનારા દાતાઓનું પણ સન્માન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના વિદ્યાર્થીઓએ કર્યું હતું. કાર્યક્રમના સમાપનમાં શિક્ષકો-વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કર્યું હતું.*

*શહેરની કેશવનગર શાળા નં-૨, મહાત્માગાંધી આશ્રમ શાળા તથા વાડજ શાળા નં-૨માં યોજાયેલા આ કાર્યક્રમમાં સાબરમતી જેલના સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી વી.એમ.પારઘી, શાસનાધિકારી શ્રી ડૉ.એલ.ડી.દેસાઈ સહિત શિક્ષણ સમિતિના સભ્યશ્રીઓ, આચાર્ય, વાલીઓ તથા શિક્ષક ભાઈ-બહેનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.*

## વટવા વિસ્તારની શાળાઓમાં બાળકોને નામાંકન કરાવતા કાયદો અને ન્યાય રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા

*અમદાવાદ : શુક્રવાર : શાળાઓમાં ૧૦૦ ટકા નામાંકન થાય અને પ્રાથમિક શિક્ષણમાંથી અધવચ્ચે શાળા છોડી ગયેલા બાળકોને પુનઃ પ્રવેશ કરાવવા રાજ્ય સરકારે શાળા પ્રવેશોત્સવન અભિયાન છેલ્લા ૧૧ વર્ષથી હાથ ધર્યું છે. એટલું જ નહિ કન્યા કેળવાણીને ઉત્તેજન આપવાના આશયથી અને રાજ્યનું એકપણ બાળક પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહે તે જ રાજ્ય સરકારનો નિર્ધાર છે તેમ વટવા વિસ્તારની વિઝોલ, વિવેકાનંદ ટેકરા, વિનોબા ભાવેનગર પ્રાથમિક શાળાઓના બાળકોને પ્રવેશ અપાવતા કાયદા રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.*

*ધો-૧ થી ૬માં પ્રવેશ મેળવનાર બાળકોને શુભેચ્છા પાઠવી શિક્ષકોને બાળકોમાં શિક્ષણની સાથે સંસ્કાર સ્વચ્છતા, આરોગ્ય અને સામન્યજ્ઞાનના પાઠ ભણાવવા અનુરોધ કર્યો હતો.*

*કાર્યક્રમના પ્રારંભે શાળાના બાળકો દ્વારા સ્વાગત ગીત રજૂ કર્યું હતું. સાથે યોગ નિદર્શન, વકત્વ્ય રજૂ કર્યા હતા.*

*મહાનુભાવોના હસ્તે પ્રવેશ મેળવનારા બાળકોને કુમકુમ તિલક, કીટ, ઈનામ વિતરણ, વિદ્યાલક્ષ્મી બોન્ડ, વિદ્યાદીપ યોજનાના ચેક, પાઠ્ય પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.*

*આ પ્રસંગે શિક્ષણ સમિતિના સભ્યશ્રીઓ, કો-ઓર્ડિનેટરશ્રી, જિલ્લાના અધિકારીઓ, શિક્ષક ભાઈ-બહેનો તથા વાલીઓ-બાળકો ઉપસ્થિત રહ્યા હતા.*

# યુપીએ-૨ રોજગાર ઉભા કરવામાં સરિયામ નિષ્ફળ

### ૨૦૦૪-૦૫થી ૨૦૦૯-૧૦ના પાંચ વર્ષ દરમિયાન ફક્ત ૨૭ લાખ નવી રોજગારીનું સર્જન : ૨૦૧૧-૧૨માં રોજગારીનો દર વધારે ઘટ્યો

**નવીદિલ્હી, તા. ૨૧**

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે યુપીએ સરકાર માટે આ સારા સમાચાર નથી. ૨૦૦૯-૧૦માં નિયમિત પાંચ વર્ષના અંતરે થતાં બેરોજગારી સર્વે બાદ ૨૦૧૧-૧૨માં ખાસ બેરોજગારી સર્વે હાથ ધરીને તેના ઉંચી વૃદ્ધિના રેકોર્ડથી ચૂંટણીમાં લાભ ઉઠાવવાની ગણતરી ઉંધી પડી છે કારણ કે આ સર્વેમાં એવુ બહાર આવ્યું છે કે રોજગારીના સર્જનમાં નાટયાત્મક ઘટાડો થયો છે. ૨૦૧૧માં જાહેર થયેલા સત્તાવાર આંકડાએ દર્શાવ્યું હતું કે, ૨૦૦૪-૦૫થી ૨૦૦૯-૧૦ના પાંચ વર્ષ દરમિયાન ફક્ત ૨૭ લાખ નવી રોજગારીનું સર્જન થયું હતું જે આગલા પાંચ વર્ષમાં છ કરોડ રોજગારી સર્જનની સરખામણીએ તીવ્ર ઘટાડો સૂચવ છે.

૨૦૦૮ની વૈશ્વિક મંદીને પગલે નબળા ડેટાને કારણે નક્કર વાસ્તવિકતા પર દોષ ઢોળીને સરકારે એ વખતે ખાસ સર્વે યોજવાની દરખાસ્ત કરી હતી. કદાચ સરકારે આવું નહોતું કરવું જોઈતું, કારણ કે નવા સર્વેના આંકડા નબળા આવ્યા છે.

અર્થતંત્રના વૃદ્ધિદરમાં ઘટાડાની સાથે ૨૦૧૧-૧૨માં રોજગારીનો દર વધારે ઘટ્યો હતો. ૨૦૦૯-૧૦માં ૯.૩ ટકા હતો તે ૨૦૧૧-૧૨માં ઘટીને ૬.૩ ટકા હતો. વધારે ખરાબ બાબત એ હતી કે બે સર્વે વચ્ચેના બે વર્ષના સમયગાળા દરમિયાન બેરોજગાર ભારતીયોની સંખ્યામાં ૧૦.૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો. જેણે તાજેતરના વર્ષોમાં સરકાર સાથે રોજગારી વગરના વૃદ્ધિદરના આક્ષેપને વધુ બળ પુરું પાડ્યું છે. આંકડા કચેરીના છેલ્લા આંકડા અનુસાર ૨૦૧૧-૧૨માં રોજગારીનો દર ઘટીને ૩૮.૬ ટકા હતો. જે ૨૦૦૯-૧૦માં ૩૯.૨ ટકા હતો. ૨૦૦૪-૦૫માં જયારે યુપીએ સરકારે પ્રથમવાર કેન્દ્રમાં સત્તા સંભાળી હતી ત્યારે રોજગારી દર ૪૨ ટકા હતો. જાન્યુઆરી ૨૦૧૦માં દેશમાં બેરોજગાર લોકોની સંખ્યા ૯૮ લાખની હતી. તે જાન્યુઆરી ૨૦૧૨માં વધીને ૧.૦૮ કરોડ પર પહોંચી ગઇ હતી. સર્વેમાં મોટાભાગે નકારાત્મક પરિણામો જોવા મળ્યા છે ત્યારે ફક્ત બે બાબતો છે જે વાદળની પેલી કોર જેવી છે. ૨૦૦૯-૧૦ તથા ૨૦૧૧-૧૨ દરમિયાન આશરે ૧.૪ કરોડ રોજગારીનું સર્જન કરવામાં આવ્યું હતું જે આગલા પાંચ વર્ષમાં ઉમેરવામાં આવેલી રોજગારીની સરખામણીએ લગભગ પાંચ ગણી વધારે હતી.

ભારતના શ્રમિક માળખામાં વધારે નિર્ણયક ફેરફાર જોવા મળ્યો હતો, દેશના ઈતિહાસમાં સૌપ્રથમવાર કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલી પ્રવૃત્તિમાં જોડાયેલા કામદારોની સંખ્યા સમગ્રતયા કામદાર બળોમાં ૫૦ ટકા કરતા ઓછી થઇ હતી. કૃષિ ક્ષેત્રમાં હવે કુલ કામદારોના ૪૯ ટકા કામદારો કામ કરી રહ્યા છે જયારે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં ૨૪ ટકા અને સર્વિસિસ ક્ષેત્રમાં ૨૭ ટકા કામદારો છે. જો કે કામદાર દળોના ભાગીદારી દરમાં સતત ઘટાડો ચિંતાજનક છે. આ દર ૨૦૦૯-૧૦માં ૪૦ ટકા હતો તે ૨૦૧૧-૧૨માં ઘટીને ૩૯.૫ હતો.

# મુંબઈમાં ત્રણ માળની ઈમારત ધરાશાયી : દસનાં મોત

### બે મહિનાની બાળકીનું મોત : ઈમારત ૨૫ વર્ષ જૂની

**મુંબઈ, તા. ૨૧**

થાણે જિલ્લામાં આજે સવારે ત્રણ માળની ઈમારત ધારાશાયી થઈ જતાં ૧૦ લોકોના મોત થયા હતા અને અન્ય કેટલાક લોકો ઘાયલ થયા હોવાનું જાણવા મળ્યું છે. આજે વહેલી પરોઢે ૨.૩૦ વાગે આ બનાવ બન્યા બાદ તંત્રમાં ભાગદોડ મચી ગઈ હતી. થાણેના મુબ્રા વિસ્તારમાં આવેલી શકુતલા ઈમારત ધારાશાયી થઈ ગઈ હતી.જ્યારે આ ઘટના બની ત્યારે ઈમારતમાં રહેનારા લોકો તો ગાઢ નિદ્રામાં હતા ત્યારબાદ આખો વિસ્તાર ચીસો અને આક્રંદ રૂદનથી છવાઇ ગયો હતો.આ ઘટનામાં એક બે મહિનાની બાળકીનું મોત થવા પામ્યું હતું. બચાવ અને રાહત કામગીરી બનાવ અંગે માહિતી મળ્યા બાદ તરત જ હાથ ધરવામાં આવી હતી. ફાયરબ્રિગેડની ટૂકડી પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આ ઉપરાંત બ્રિહાન મુંબઈ મ્યુનિસીપલ કોર્પોરેશનના અધિકારીઓ અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સના અધિકારીઓ પણ ઘટના સ્થળો પહોંચ્યા હતા.

કાટમાળ હેઠળ ૨૫ લોકો ફસાઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. ૧૫ લોકોને બચાવી લેવાયા હતા. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આ ઈમારત ૨૫ વર્ષ જૂની હતી. મુબ્રામાં હાલમાં જ વધુ એક ઈમારત બે મહિના પહેલા જ ધારાશાયી થઈ ગઈ હતી જેમાં ૭૦થી વધુ લોકોના મોત થયા હતા.

આ બનાવ બાદ વધુ એક બનાવ બન્યો હતો. મોનસૂનની શરૂઆત થયા બાદ જૂની ઈમારતો ઉપર ખતરો વધી ગયો છે. બે મહિના અગાઉ બનેલી ઘટનામાં ૭૦ લોકોના મોત થયા બાદ આ સંબંધમાં તપાસ હાથ ધરવામાં આવી હતી પરંતુ આ કામગીરી અસરકારક રહી ન હતી. હવે વધુ એક બનાવ સપાટી ઉપર આવ્યો છે.

સૂત્રોનું કહેવું છે કે ત્રણ માળની ઈમારત ધારાશાયી થયા બાદ તરત જ અધિકારીઓ કાફલા સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતા. મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં અન્ય ઘણી જૂની ઈમારતો આવેલી છે જેના ઉપર વરસાદમાં ખતરો તોળાઈ રહ્યો છે. વધુ વરસાદ થવાની સ્થિતિમાં દુર્ઘટના થવાનો ખતરો વધારે રહે છે. બે બનાવ બની ગયા બાદ બીએમસી ઉપર દબાણ વધી ગયું છે.

# મુંબઈમાં હાઈપ્રોફાઈલ સેક્સ રેકેટનો પર્દાફાશ : ટેલિવિઝન પર કામ કરતી પાંચ અભિનેત્રીઓ ઝડપાઇ

### મીરા ટાવર આઈએએસ અને આઈપીએસ અધિકારીઓની એક સોસાયટી

**મુંબઇ, તા. ૨૧**

મુંબઈમાં સૌથી પોશ ગણાતા વિસ્તારમાં હાલમાં પોલીસે એક દરોડો પાડીને હાઈપ્રોફાઈલ સેક્સ રેકેટનો પર્દાફાશ કર્યો હતો જેમાં દેહવ્યાપાર કરતી પાંચ યુવતીઓ ઝડપાઇ છે જે ટેલિવિઝન જગતમાં પ્રખ્યાત નામ છે લોખંડવાલામાં જ્યાં મોટાભાગે સરકારી ઉચ્ચ અધિકારીઓનાં રહેઠાણ આવેલા છે ત્યાં આ ગોરખધંધો ચાલતો હોવાની વાત પ્રકાશમાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

મુંબઇ પોલીસે ઓશિવારા વિસ્તારમાં એક આલિશાન બિલ્ડિંગ મીરા ટાવરમાં રેડ પાડીને હાઈપ્રોફાઈલ સેક્સ રેકેટનો પર્દાફાશ કર્યો છે. રેડમાં પોલીસે ૩ દલાલો ઉપરાંત ૫ છોકરીઓની ધરપકડ કરીએ છે.

આશ્ચર્યની વાત એ છે કે જે પાંચ છોકરીઓની ધરપકડ કરવામાં આવી છે તે ટીવી એક્ટ્રેસ છે અને ભોજપુરી ફિલ્મોમાં પણ કામ કરી ચૂકી છે. હજુ સુધી આ અભિનેત્રીઓના નામનો ખુલાસો થયો નથી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ પોલીસે યોજનાબદ્ધ રીતે આ સેક્સ રેકેટનો પર્દાફાશ કર્યો હતો.

પોલીસે કસ્ટમર બનીને રેકેટના મુખ્ય દલાલ ઈમ્તિયાઝ ખાનનો સંપર્ક સાધ્યો હતો. બંન્ને વચ્ચે એક લાખ રૂપિયાથી ડીલ શરૂ થઇ હતી પરંતુ બાદમાં આ સોદો ૨૫ હજારમાં નક્કી કરવામાં આવ્યો હતો.. ત્યારબાદ દલાલે પોલીસને કસ્ટમર સમજીને મુંબઈના લોખંડવાલામાં આવેલા ફ્લેટ પર બોલાવી જ્યાં પોલીસે કાર્યવાહી કરીને પાંચ અભિનેત્રીઓને રંગે હાથે હાથ ઝડપી પાડી હતી. કહેવામાં આવે છે કે આ છોકરીઓ સાથે લાખોમાં સોદો નક્કી કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે મીરા ટાવર આઈએએસ અને આઈપીએસ અધિકારીઓની એક સોસાયટી છે. જો કે હજુ સુધી એ સ્પષ્ટ થઇ શક્યું નથી કે છોકરીઓની જે ફ્લેટમાંથી ધરપકડ કરવામાં આવી છે તે ફ્લેટ કોઇ પોલીસ અધિકારીનો છે કે નહી.